સુવિચાર

દરેક દિવસે જીત તો નથી થતી, પણ દરેક દિવસે કરેલી મહેનત જીત તરફ જરૂર લઈ જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ગુજરાતમાંથી ટૂ-વ્હિલર્સ ચોરીને ભાંગી નાખી તેના પાર્ટસ વેચવાનું કારસ્તાન ઝડપાયું P-4

Year-16, Issue-29 ■ DATE : 12-05-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત-પાક. યુદ્ધવિરામને વધાવતું શેરબજારઃ સેન્સેક્સમાં ૨૬૦૦ પોઈન્ટનો ઉછાળો



## યુદ્ધના વાદળો વિખેરાતા શેરબજારમાં તેજીનું વાવાઝોડુઃ બીએસઈનું માર્કેટ કેપ ૪૨૯ લાખ કરોડને આંબી ગયું, પ્રારંભિક કલાકમાં જ ઈન્વેસ્ટરોને તગડી કમાણી

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત પછી, આજે સેન્સેક્સ લગભગ ૨૬૦૦ પોઈન્ટ વધીને ૮૨,૦૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. આ વર્ષનો સેન્સેક્સનો સૌથી મોટો ઉછાળો છે. અગાઉ, ૧૫ એપ્રિલે સેન્સેક્સ ૧,૫૭૭ પોઈન્ટ અથવા ૨.૧૦% વધ્યો હતો.

સેન્સેક્સના ૩૦માંથી ૨૯ શેરમાં તેજી જોવા મળી રહી છે. અદાણી પોર્ટ્સ, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક સહિત ૧૭ શેરમાં ૪.૫% સુધીનો ઉછાળો જોવા મળ્યો, જ્યારે એકલા સન ફાર્માના શેરમાં ૫.૫%નો ઘટાડો થયો છે.

નિફ્ટીમાં પણ લગભગ ૮૦૦ પોઈન્ટ (૩.૨૫%)ની તેજી છે. તે ૨૪,૮૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. બીજી તરફ, NSEના નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સમાં ૪.૭૧%, મેટલમાં ૩.૪૦%, સરકારી બેંકમાં ૨.૮૮%, ખાનગી બેંકમાં ૨.૮૪%, IT ૨.૩૯% અને ઓટોમાં ૨.૩૩%ની તેજી છે.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કેઈમાં સામાન્ય તેજી છે. એ ૩૭,૫૨૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. કોરિયાનો કોસ્પી ૦.૪૧% વધીને ૨,૫૮૮ પર બંધ રહ્યો હતો. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૧૫૬ પોઈન્ટ (૦.૬૮%) વધીને ૨૩,૦૨૪ પર ટ્રેડ થઈ રહ્યો છે તેમજ ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ થોડો ઘટાડો થયા પછી ૩,૩૫૫ પર બંધ થયો.

૯ મેના રોજ યુએસ ડાઉ જોન્સ ૧૧૯ પોઈન્ટ (૦.૨૯%) ઘટીને ૪૧,૨૫૦ પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ ૧૭,૯૨૯ના સ્તર પર નજીવો વધારો સાથે બંધ થયો. S&P ૫૦૦ ઈન્ડેક્સ પણ નજીવો ઘટાડો થયો અને ૫,૬૬૦ પર બંધ થયો.

ભારતીય બજારમાં વિદેશી રોકાણકારો (FII) દ્વારા ખરીદી ચાલુ છે. ૮ મેના રોજ વિદેશી રોકાણકારોએ ૨,૦૦૭.૯૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન રૂ. ૫૯૬.૨૫ કરોડના શેર વેચ્યા હતા. એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા નેટ ખરીદી રૂ. ૨,૭૩૫.૦૨ કરોડ રહી હતી. સ્થાનિક રોકાણકારોએ પણ મહિના દરમિયાન રૂ. ૨૮,૨૨૮.૪૫ કરોડની નેટ ખરીદી કરી હતી.

શેરબજારમાં આજે બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેન્ક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, અદાણી પોર્ટ, એકસીસ બેંક, અદાણી એન્ટરપ્રાઈઝ, જીયો ફાઈનાન્સીયલ, ટ્રેન્ટ, વગેરેમાં ઉછાળો હતો.

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર, ૯ મેના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૮૮૦ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૭૯,૪૫૪ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૨૬૬ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૨૪,૦૦૮ પર બંધ થયો.

સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૨૫ શેરમાં ઘટાડો થયો. ICICI બેંકનો શેર ૩.૨૪% ઘટ્યો. પાવર ગ્રિડ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ સહિત કુલ ૧૬ શેર લગભગ ૩%ના ઘટાડા સાથે બંધ થયા, જોકે ટાઈટન, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા મોટર્સ અને એસબીઆઈના શેર ૪.૨૫% સુધી વધીને બંધ થયા.

નિફ્ટીના ૫૦ શેરમાંથી ૩૮ શેરમાં ઘટાડો થયો. રિયલ્ટી સેક્ટરમાં ૨.૩૮%, ફાઈનાન્શિયલ સર્વિસિઝમાં ૧.૭૬%, ખાનગી બેંકોમાં ૧.૨૯% અને ઓઈલ એન્ડ ગેસમાં ૦.૭૮%નો ઘટાડો થયો હતો, જ્યારે સરકારી બેંકિંગ ઈન્ડેક્સ ૧.૫૯%, મીડિયા ૦.૯૫% અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૨% વધ્યા હતા.

# વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી જાહેર કરી નિવૃત્તિ

## ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ કરી આપી માહિતી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિગ્ગજ ભારતીય ખેલાડી વિરાટ કોહલીએ આખરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરીને ટેસ્ટ ક્રિકેટમાંથી વિદાય લેતાં રાજીનામું આપી દીધું છે. વિરાટ કોહલીએ રોહિત શર્માના માર્ગે ચાલતા ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલાં જ બીસીસીઆઈને તેના આ નિર્ણય વિશે જણાવ્યું હતું. બીસીસીઆઈ તેને આ નિર્ણય પાછો ખેંચી લેવા મનાવવા પ્રયાસ કરી રહ્યું હતું. જોકે વિરાટે બીસીસીઆઈની વાત માની નથી.

વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું કે ૧૪ વર્ષ પહેલાં ટેસ્ટ ક્રિકેટમાં પહેલી વાર બેગી બ્લુ જર્સી પહેરીને પ્રવેશ લીધો હતો. સાચું કહું તો, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ ફોર્મેટ મને કેવા પ્રવાસ પર લઈ જશે. તેણે મારી કસોટી કરી, મને ઘડ્યો, અને મને એવા પાઠ શીખવ્યા જેનું હું મારા બાકીના જીવનમાં અનુસરણ કરીશ.

વધુમાં લખ્યું કે, વ્હાઈટ કપડાંમાં રમવું એ અંગત અનુભવ હોય છે. શાંત માહોલ, લાંબા દિવસો, નાની-નાની પળ કે, જેને કોઈ જોઈ રહ્યુ નથી હોતું. પરંતુ તે હંમેશા તમારી સાથે રહે છે. હું હવે તેનાથી દૂર થઈ રહ્યો છું. તે સરળ નથી. પરંતુ યોગ્ય છે. મેં ઘણુ બધુ જોયું છે, મને મારી અપેક્ષા કરતાં વધુ મળ્યું છે. દિલથી તમામનો આભાર માની વિદાય લઈ રહ્યો છું. હું હંમેશા મારા ટેસ્ટ કેરિયરને એક મૃદુ હાસ્ય સાથે યાદ કરીશ. શનિવારે સવારે વિરાટ કોહલીએ ટેસ્ટમાંથી સંન્યાસ લઈ રહ્યો હોવાની જાહેરાત કરી હતી. વિરાટની આ જાહેરાત બાદથી બીસીસીઆઈ સતત તેને ટેસ્ટ ક્રિકેટ રમવા માટે મનાવી રહ્યું હતું.

# સરહદ પર શાંતિ સ્થપાતા લોકોએ લીધો રાહતનો શ્વાસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત-પાકિસ્તાન વચ્ચે શનિવારથી મોડીરાત્રી સુધીની લશ્કરી ટકકર બાદ આખરે વાસ્તવિક રીતે અમલી બનેલા યુદ્ધ વિરામમાં પ્રથમ વખત જમ્મુ-કાશ્મીરથી કચ્છ સુધી પ્રથમ વખત રાત્રીના કોઈ પ્રકારે લશ્કરી હુમલા થયા ન હતા અને ગઈકાલ સવારથી જ સરહદી ક્ષેત્રમાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

લગભગ ૮૬ કલાક સુધી બન્ને દેશો વચ્ચે થયેલી લશ્કરી અથડામણમાં ગઈકાલે ભારતીય સૈન્યની ત્રણેય પાંખના ડીજીએમઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં પાક પર જે કહેર વર્તાવામાં તેનું ચિત્ર રજુ કરીને દેશને એ પણ ખાતરી મળી કે યુદ્ધ વિરામ છતાં સરહદ સહિતના ક્ષેત્રે ભારતીય દળો પુરી રીતે એલર્ટ છે અને કોઈપણ પરીસ્થિતિનો જવાબ મીનીટોમાં આપી દેવાશે.



## આજે ભારત-પાકના ડી.જી.એમ.ઓ. વચ્ચે વાતચીત ફકત યુદ્ધ વિરામ લંબાવવા પર જ થશે

ભારતે આ સાથે ડિપ્લોમેટીક મોરચે પણ એ સંદેશો આપી દીધો કે હવે ત્રાસવાદનો એક પણ હુમલો સ્વીકાર્ય બનશે નહી અને જો આ પ્રકારે હુમલો થશે તો તેને મેકર ઓફ વોર એટલે કે યુદ્ધ જ ગણી લેવાશે.

હાલ યુદ્ધ વિરામની રાહતનો શ્વાસ લઈ રહેલા પાક માટે જો કે આગળનો માર્ગ આસાન નહી હોય. આજથીજ બન્ને દેશોના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી વચ્ચે બેઠકો શરૂ થશે. બીજી તરફ યુદ્ધ વિરામ માટે અમેરિકાની ભૂમિકા અને કાશ્મીર પ્રશ્ન ઉકેલવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલ મદદની ખોફ ભારતે ફગાવી દીધી છે અને સ્પષ્ટ જાહેર કયુ છે કે પાકિસ્તાન સાથે ચર્ચા ફકત પી.ઓ.કે. પાક કબ્જાના કાશ્મીર ખાલી કરવા માટે જ થશે અને તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકાર્ય બનશે નહી.

અમેરિકાએ કોઈ તટસ્થ સ્થળે ભારત-પાક વચ્ચે વાટાઘાટ માટે પણ ઓફર કરી હતી પણ ભારતે તે પણ નકારી છે. પાકિસ્તાનમાં જે ત્રાસવ-ાદીઓ શરણ લઈ રહ્યા છે તેઓને ભારતને સુપ્રત કરવામાં આવે. પાક સાથે અન્ય કોઈ મુદા પર વાતચીતનો પ્રશ્ન જ નથી.

ભારતે સ્પષ્ટ કર્યુ છે કે, તેના વલણમાં કોઈ ફેરફાર થયો નથી અને કોઈ દેશની મધ્યસ્થી સ્વીકારી નથી. આ ઉપરાંત પાકિસ્તાન સાથે કોઈ શટલ ડિપ્લોમસી થશે નહી. ભારતે સ્પષ્ટ કર્યુ છે કે જો હવે ત્રાસવાદી હુમલો થશે તો ભારત હીટ કરશે અને ઓપરેશન સિંદુરે સ્પષ્ટ કર્યુ છે કે પાકમાં ત્રાસવાદ કે ત્રાસવાદી કોઈ સલામત નથી કે ભારતની પહોંચની બહાર પણ નથી.

આજે ડીજીએઓ વચ્ચેની વાતચીત ફકત યુદ્ધ વિરામ લંબાવવા અને તેના અમલના નિયમો નિશ્ચિત થશે. તેનાથી એક પણ વધુ વાત થશે નહી તથા સરકારી દળો હાલ યથાવત રહેશે.

# ચારધામ યાત્રા શરૂ થયાના ૧૦'દિમાં ૪.૪૪ લાખ શ્રધ્ધાળુઓએ કર્યા દર્શન

## સૌથી વધુ ૧.૮૭ લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથ ધામની યાત્રા કરી



**મુખ્ય સમાચાર, દહેરાદૂન**

ચારધામ યાત્રા શરૂ થયાના ૧૦ દિવસમાં દર્શન કરનાર તીર્થયાત્રીઓનો આંકડો ૪.૪૪ લાખે પહોંચી ગયો છે. કેદારનાથ ધામના કપાટ ખુલ્યાને હજુ એક અઠવાડીયું જ થયું છે ત્યારે સૌથી વધુ ૧.૮૭ લાખ શ્રદ્ધાળુઓએ બાબા કેદારનાથના દર્શન કર્યા છે.

હવામાન ખરાબ થયા બાદ પણ યાત્રીઓના ઉત્સાહમાં ઘટાડો નથી થયો. ચારધામ યાત્રા મેનેજમેન્ટ અને કંટ્રોલ રૂમના રિપોર્ટ મુજબ બદરીનાથમાં ૯૦ હજાર ગંગોત્રીમાં ૭૩ હજાર અને યમુનોત્રીમાં ૯૨ હજાર શ્રદ્ધાળુ દર્શન કરી ચૂક્યા છે. ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૨૬.૨૧ લાખથી વધુ થઈ ગયુ છે.

# ઓપરેશન સિંદૂરમાં ૪૦ પાકિસ્તાની સૈનિકો તેમજ ૧૦૦ આતંકીઓનો ખાત્મો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાતના ૨૫ કલાક પછી, રવિવારે સાંજે ૬૩૦ વાગ્યે, ત્રણેય સેનાઓએ ૧ કલાક અને ૧૦ મિનિટ સુધી પ્રેસ કોન્ફરન્સ કરી. આમાં ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ, વાઇસ એડમિરલ એએન પ્રમોદ અને એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી હતી.

૧૦ મેના રોજ સાંજે ૫ વાગ્યે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિર-ામની જાહેરાત કરવામાં આવી હતી. પાકિસ્તાનમાં રાફેલને તોડી પાડવાના પ્રશ્ન પર સેનાએ કહ્યું, આપણે હજુ પણ યુદ્ધની સ્થિતિમાં છીએ. અમે આ અંગે કંઈ કહીશું નહીં, કારણ કે અમે તેમને કોઈ ફાયદો આપવા માંગતા




નથી. તમે બધા જાણો છો કે પહેલગામ હુમલામાં ૨૬ લોકો કેટલી ક્રૂરતાથી માર્યા ગયા હતા. આ પછી, ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. આમાં દુશ્મનોને ભારે નુકસાન થયું.

ઓપરેશન સિંદૂર હેઠળ ૭ મેના રોજ હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં, અમે સરહદ પાર ૯ સ્થળોએ ૧૦૦ આતંકવાદીઓને ઠાર માર્યા. આમાં કંદહાર હાઈજેકિંગ અને પુલવામા હુમલામાં સામેલ ૩ મોટા આતંકવાદી ચહેરાઓનો પણ સમાવેશ થાય છે.

૭ મેના રોજ થયેલી કાર્યવાહી પછી, પાકિસ્તાને આપણા સરહદી રાજ્યોમાં સ્થિત લશ્કરી થાણાઓ પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. અમે તેમને હવામાં તોડી

## ૫ ભારતીય સૈનિકો શહિદ થયાઃ ૧૧ એરબેઝ નષ્ટ, એરફોર્સના તમામ પાયલોટ સલામત

પાડ્યા. એક પણ લક્ષ્ય સફળ થવા દેવામાં આવ્યું નહીં.

આ પછી, અમે પાકિસ્તાનને જવાબ આપતા કડક કાર્યવાહી કરી, જેમાં પાકિસ્તાની સેનાના ૩૫ થી ૪૦ સૈનિકો અને અધિકારીઓ માર્યા ગયા. સરહદ અને LOC પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં આપણા પાંચ સૈનિકો શહીદ થયા છે.

મુરીડકેમાં આતંકવાદી છાવણી પછી, બહાવલપુર તાલીમ છાવણીમાં અનેક માળખાગત સુવિધાઓ પસંદ કરવામાં આવી હતી જ્યાં આતંકવાદથી મહત્તમ નુકસાન થઈ શકે. અમે આ બે આતંકવાદી છાવણીઓને નિશાન બનાવી અને તેનો નાશ કર્યો.

એર માર્શલ ભારતીએ જણાવ્યું કે, અમે આતંકવાદીઓ અને આતંકવાદી માળખાને નિશાન બનાવ્યા. પાકિસ્તાની સૈન્ય અને અન્ય કોઈપણ માળખાને નિશાન બનાવવામાં આવ્યું ન હતું. મુરિદકેમાં આતંકવાદી છાવણી પર હવાથી સપાટી પર પ્રહાર કરતી ચાર મિસાઈલોથી હુમલો કરવામાં આવ્યો અને તેને તટસ્થ કરવામાં આવ્યો.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે, બહાવલપુર તાલીમ શિબિરમાં અનેક માળખાગત સુવિધાઓ પસંદ કરવામાં આવી હતી જ્યાં આતંકવાદથી મહત્તમ નુકસાન થઈ શકે. અમે આ બે આતંકવાદી છાવણીઓને નિશાન બનાવી અને તેનો નાશ કર્યો. અમે આતંકવાદીઓ અને આતંકવાદી માળખાને નિશાન બનાવ્યા. પાકિસ્તાની સૈન્ય અને અન્ય કોઈપણ માળખાને નિશાન બનાવવ-ામાં આવ્યું ન હતું.

૭ મેની સાંજે, પાકિસ્તાને યુએવી અને ડ્રોનનો ઉપયોગ કરીને હુમલો કર્યો. આ મોજા જેવા હતા. આમાંથી ૩ ઉતરવામાં સફળ રહ્યા, પરંતુ કોઈ મોટું નુકસાન થયું નહીં. અમે તેમના આતંકવાદીઓને નિશાન બનાવ્યા. તેઓએ લશ્કરી માળખા અને નાગરિકોને નિશાન બનાવ્યા.

અમે ૭ મેની રાત્રે લાહોર અને ગુજરાંવાલામાં સ્થિત તેમની રડાર સિસ્ટમને નિશાન બનાવી. અમે તેમને કહેવા માંગતા હતા કે તેમના લશ્કરી થાણા અમારી પહોંચની બહાર નથી. ૮-૯ મેના રોજ, પાકિસ્તાને ડ્રોન અને વિમાનોથી આપણી સરહદ પર હુમલો કર્યો અને લશ્કરી થાણાઓને નિશાન બનાવવાના તેમના મોટાભાગના પ્રયાસો નિષ્ફળ ગયા.

# સેટેલાઈટ ટેલિકોમ કંપનીઓએ ૪ ટકા સ્પેક્ટ્રમ ચાર્જ સરકારને ચૂકવવો પડશે




## ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇએ ભલામણ કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇએ શુક્રવારે ભલામણ કરી છે કે સ્ટારલિંક જેવી સેટેલાઇટ ટેલિકોમ કંપનીઓએ તેમની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર)ના ૪ ટકા સ્પેક્ટ્રમ ચાર્જ સરકારને ચૂકવવો પડશે.

આ દર કંપનીઓની અપેક્ષા કરતા ઘણો વધારે છે. ટ્રાઇએ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી)ને કરેલી ભલામણોમાં એમ પણ જણાવ્યું હતું કે શહેરી વિસ્તારોમાં સેટેલાઇટ બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓ પૂરી પાડતી કંપનીઓએ વાર્ષિક ૫૦૦ રૂપિયા પ્રતિ ગ્રાહક વધારાનો ચાર્જ ચૂકવવો પડશે.

જો કે, ગ્રામીણ વિસ્તારોમાં આપવામાં આવતી સેવાઓ પર કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં. ટ્રાઇ દ્વારા ભલામણ કરવામાં આવેલી ફી સેટકોમ કંપનીઓની અપેક્ષા કરતા ઘણી વધારે છે.

એલોન મસ્કની સ્ટારલિંક અને એમેઝોન ઇન્કની સબ્સિડિયરી કુઇપર સિસ્ટમ્સે ટ્રાઇ સાથેની વાતચીતમાં સ્પષ્ટ કહ્યું હતું કે સ્પેક્ટ્રમ ફી એજીઆરના ૧ ટકાથી નીચે રાખવી જોઇએ અને અન્ય કોઇ ચાર્જિસ વસૂલવી જોઇએ નહીં. ટ્રાઇએ સેટેલાઇટ બ્રોડબેન્ડ સ્પેક્ટ્રમને પાંચ વર્ષ માટે ફાળવવાની ભલામણ પણ કરી હતી, જેને વધુ બે વર્ષ માટે લંબાવી શકાય છે.

ટ્રાઇએ જણાવ્યું હતું કે એજીઆરનો ૪ ટકા સ્પેક્ટ્રમ ચાર્જ ઓછામાં ઓછા ૩,૫૦૦ રૂપિયા પ્રતિ મેગાહર્ટ્ઝના વાર્ષિક સ્પેક્ટ્રમ ચાર્જને આધિન રહેશે. સેટેલાઇટ સ્પેક્ટ્રમની કિંમત નોન-જિયોસ્ટેશનરી સેટેલાઇટ ઓર્બિટ (એનજીએસઓ) અને જિયોસ્ટેશનરી સેટેલાઇટ ઓર્બિટ (જીએસઓ) આધારિત ફિક્સ્ડ-સેટેલાઇટ સર્વિસ (એફએસએસ) અને મોબાઇલ સેટેલાઇટ સર્વિસ (એમએસએસ) એમ બંને માટે એજીઆરની ટકાવારી તરીકે છે.

એનજીએસઓનો અર્થ એ છે કે ઉપગ્રહો લો-અર્થ ઓર્બિટ (LEO) અથવા મીડલ અર્થ ઓરબીટ (એમઇઓ)માં છે. જિયોસ્ટેશનરી જીએસઓ (GSO) ઉપગ્રહોથી વિપરીત, LEO અને એમઇઓ (MEO) ઉપગ્રહો એક જ સ્થળે રહેતા નથી, પરંતુ પૃથ્વીની સાપેક્ષે પરિભ્રમણ કરે છે.

# રાજકોટ સહિત ગુજરાતના તમામ એરપોર્ટ આજથી શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લઇ રાજકોટ એરપોર્ટ તા. ૧૪મી સુધી સિવિલ ફલાઇટ માટે નોટમ બંધ કરાયા બાદ આજે સવારે ૧૦:૨૦ કલાકથી સિવિલ ફલાઇટ માટે એરપોર્ટ ફરી ખુલ્લુ મુકાતા હવે સિવિલ ફલાઇટનું આવાગમન શરૂ થશે. એરલાઇન્સ કંપનીઓ પોતાના વિમાન ઉડાડી શકશે.

ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધની સ્થિતિ સર્જાતા ગત તા.૬ થી ૯ સુધી સિવિલ ફલાઇટ માટે રાજકોટ સહિતના દેશભરના ૧૬ જેટલા એરપોર્ટ બંધ થયા હતા. માત્ર મિલીટ્રી માટે જ એરપોર્ટ ૨૪ કલાક ખુલ્લા રહ્યા હતા.

બાદ ફરી ભારત-પાક. વચ્ચે



યુધ્ધની પરિસ્થિતિ સર્જાતા વધુ એક વખત તા.૧૪ સુધી એરપોર્ટ બંધ કરવાના આદેશ સાથે તા. ૧૫ના રોજ સવારના ૫.૩૦ કલાક સુધી નોટમ અપાયાના પગલે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ સિવિલ ફલાઇટ માટે બંધ કરાયું હતું. હાલ યુધ્ધની પરિસ્થિતિ ટળી જતા એરપોર્ટ ઓથોરીટીએ આજે સવારના ૧૦:૨૦ કલાકથી એરપોર્ટને સિવિલ ફલાઇટ માટે ખુલ્લુ મુકવાની સત્તાવાર જાહેરાત કરી છે. આજથી રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ સિવિલ ફલાઇટ માટે શરૂ થતા હવે એરલાઇન્સ કંપનીઓ પોતાના વિમાનોનું લેન્ડીંગ, ટેકઓફ કરી શકશે. આજથી રાજકોટ એરપોર્ટ રાબેતા મુજબ શરૂ થયા હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

હવે આ એરપોર્ટને ફરીથી ખોલવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે અને તાત્કાલિક અસરથી ખોલવામાં આવ્યા છે. ફરી શરૂ કરાયેલા એરપોર્ટમાં તેમાં આદમપુર, અંબાલા, અમૃતસર, અવંતિપુર, ભટિંડા, ભુજ, બિકાનેર, ચંદીગઢ, હલવારા, હિંડન, જેસલમેર, જમ્મુ, જામનગર, જોધપુર, કાંગડા, કેશોદ, કિશનગઢ, કુલ્લુ મનાલી, લેહ, મુન્દ્રા, નલિયા, પઠાણકોટ, પટિયાલા, પોરબંદર, રાજકોટ, સરસાવા, શિમલા, શ્રીનગર, થોઇસ, ઉત્તરલાઇ અને લુધિયાણાનો સમાવેશ થાય છે.

# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે ઈન્ટર હાઉસ વોલીબોલ ચેમ્પિયનશિપનું થયું સમાપન





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી દ્વારા ૦૩ થી ૦૮ મે ૨૦૨૫ દરમિયાન ઈન્ટર હાઉસ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં પાંચ સિનિયર હાઉસ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં ટુર્નામેન્ટ લીગ કમ નોકઆઉટ ફોર્મેટમાં યોજાઈ હતી.શિવાજી હાઉસ અને ગરુડ હાઉસ વચ્ચે રમાયેલી અંતિમ લીગ મેચ એક રોમાંચક સ્પર્ધા સાબિત થઈ હતી, જ્યાં શિવાજી હાઉસ ૨-૦ થી સીધા સેટમાં વિજયી બન્યો હતો. બંને ટીમોના ઉત્સાહી અને પ્રશંસનીય પ્રદર્શન માટે મેચમાં પ્રેક્ષકો તરફથી ભારે તાળીઓ પાડી હતી. શિવાજી હાઉસે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સુસંગતતા અને શ્રેષ્ઠતા દર્શાવતા એકંદર ચેમ્પિયનશિપ ટાઇટલ જીત્યું. પ્રતાપ હાઉસના કેડેટ રુદ્ર ચૌધરીને ચેમ્પિયનશિપનો 'શ્રેષ્ઠ ખેલાડી'નો ખિતાબ એનાયત કરાયો હતો, જ્યારે ગરુડ હાઉસના કેડેટ જયદેવને 'શ્રેષ્ઠ ઉભરતા ખેલાડી' તરીકે ખિતાબ આપ્યો હતો.

ચેમ્પિયનશિપ ટ્રોફી મુખ્ય મહેમાન, સૈનિક સ્કૂલ બાલાચડીના પ્રિન્સિપાલ કર્નલ શ્રેયશ મહેતા દ્વારા રજૂ કરવામાં આવી હતી. તેમણે પોતાના સંબોધનમાં, તમામ વિજેતાઓ અને સહભાગીઓને તેમના સમર્પણ અને રમતગમત માટે અભિનંદન આપ્યા. તેમણે કેડેટ્સના સર્વાંગી વિકાસમાં રમતગમતના મહત્વ પર ભાર મૂક્યો અને તેમને ઓછામાં ઓછી એક રમતમાં શ્રેષ્ઠતા મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે સ્ટાફ અને કેડેટ્સ વચ્ચેની મૈત્રીપૂર્ણ વોલીબોલ મેચ દરમિયાન પ્રદર્શિત કરાયેલી મિત્રતા અને ભાવનાની પણ પ્રશંસા કરી. પ્રિન્સિપાલે આગામી ઓલ ઈન્ડિયા સૈનિક સ્કૂલ ગ્રુપ 'જી' ટુર્નામેન્ટ માટે તમામ કેડેટ્સને શુભેચ્છાઓ પાઠવી. આ કાર્યક્રમ અધિકારીઓ, સ્ટાફ અને કેડેટ્સની હાજરીથી ભવ્ય બન્યો હતો.

# ટંકારા વિરપર નજીક કેરી વાહન પલ્ટી જતા ૧૫ લોકોને ઈજા, ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-રાજકોટ હાઈવે પર ટંકારા તાલુકાના વિરપર ગામ નજીક એક કેરી વાહન પલ્ટી મારી જવાની ઘટનામાં કેટરિંગ માટે ધાર્મિક પ્રસંગે જતા ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જનાર કેરી વાહનના ચાલક આરોપી સામે ટંકારા પોલીસ સ્ટેશને ગુનો દાખલ કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મોરબીના વણકરવાસ શેરી નં.૨ માં રહેતા હંસાબેન હિંમતભાઈ જાદવ ઉવ.૩૫ દ્વારા આરોપી કેરી વાહનચાલક નરેશભાઈ કણજારીયા રહે. મોરબી વાળા વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈકાલ તા.૧૧/૦૫ના રોજ સવારે આશરે ૮.૧૫ વાગ્યે મોરબી-રાજકોટ હાઈવે પર વિરપર ગામ નજીક કેરી વાહન રજી. નં. જીજે-૩૬-વી-૮૭૮૦ પલ્ટી ખાઈ ગયું હતું. આ વાહનમાં કેટરિંગના કામ માટે યુવતીઓ અને મહિલાઓ સહિત કુલ ૧૫ લોકો રાજકોટના ખીજડિયા ગામે ધાર્મિક પ્રસંગે ભોજન પીરસવા જઇ રહ્યા હતા. ત્યારે અચાનક કેરી વાહન ચાલક દ્વારા રોડ ઉપર કાવો મારતા ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો અને વાહન રોડ પર પલ્ટી ખાઇ ગયું હતું. આ અકસ્માતમાં કેટલાક લોકોને નાની મોટી ઈજાઓ તો કેટલાકને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ ટંકારા પોલીસે કરી વાહનના ચાલક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીર ગઢડાના દ્રોણ ગામે અતિવૃષ્ટિઃ ભારે વરસાદ પડતાની સાથે ખેતર ધોવાયા જવા આવવાનાં રસ્તા થયા બંધ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલઃ અબ્દુલ પઠાણ**



ગીર ગઢડા તાલુકાના દ્રોણ ગામે અતિવૃષ્ટિ ભારે વરસાદ પડતાની સાથે ખેતર ઉપર જવા આવવાના રસ્તા ધોવાય ગયેલ હોવાથી જેના કારણે વાહન વ્યવહાર બંધ થયેલ છે તેમ જ રસ્તો પણ બંધ થઈ ગયેલ છે આજુબાજુના તમામ ખેડૂતોએ આ રસ્તો જે સર્વે નંબર ૬૧ માંથી પસાર થાય છે તે સર્વે નંબર ને માપણી કરી કાયદેસરનો ૩૨ ફૂટનો રાજ ગાડા વટ રસ્તો જે સ્થાનિક ખેડૂતોએ આજુબાજુથી દબાણ કરેલો છે જે મૂળ રસ્તો ખોલી આપવા અને સર્વે નંબર ૬૧ માં આર્વેલ ગૌચરની જમીન ખરાબ આની જમીન તેમજ ખેડૂતો દ્વારા બહુ માત્રામાં કરેલ દબાણને દૂર કરવા માટે થઈ ગીર સોમનાથ કલેક્ટર સાહેબને સર્વે નંબર ૬૧ ના અલગ અલગ ખેડૂતો દ્વારા અરજીઓ કરી જાણકારી આપેલી છે તેમજ માપણી કરી પ્રોપર વેથી આ જમીનને ખુલી કરી આપવા માટે થઈ અને મૂળ રસ્તો જ્યાં આવતો હોય ત્યાં આપવા માટે સરકાર તેમજ કલેક્ટર સાહેબને રૂબરૂ રજૂઆત કરેલી છે આ રસ્તો ચાલુ નહીં થાય તો ફરીથી ખેડૂતો દ્વારા આમરણ અન્સન ઉપર ઉતરી આંદોલન કરવામાં આવશે

# મોરબી અમદાવાદના ટુરિઝમ એજન્ટ દ્વારા અમેરિકાની ટૂરના નામે લાખો રૂપિયાની છેતરપિંડી

## વૈશવી ટુરીઝમના ડિરેક્ટર પતિ-પત્ની દ્વારા મોરબીના ખેડૂત સહિત ચાર લોકો સાથે છેતરપિંડી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નિવૃત ખેડૂત અને તેના મિત્રને અમેરિકા લગ્ન પ્રસંગમાં જવાનું હોય, ત્યારે અમદાવાદની વૈશવી ટુરિઝમમાં અમેરિકાની ટૂર માટે ટિકિટ અને પેકેજ બુકિંગના બહાને ખેડૂત સહિત અન્ય ત્રણ પાસેથી ૭.૭૧ લાખ રૂપિયા અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી ટીકીટ ઓન હોલ્ડ આપી, ટિકિટ કન્ફર્મ ન કરીને છેતરપિંડી કરી હોય ત્યારે સમગ્ર બનાવ મામલે બંને આરોપી પતિ-પત્ની સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવાઈ છે.

મોરબીમાં પટેલ સોસાયટી બી-૬ રવાપર રોડ ખાતે રહેતા ૭૦ વર્ષીય ખેડૂત રમેશભાઈ બાલુભાઈ ઉઘરેજાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, રમેશભાઈ અને તેમના મિત્ર વસંતભાઈ અંબાલાલ પટેલને તેમના અન્ય મિત્ર મુકેશભાઈ પંચાલના દીકરાના લગ્ન પ્રસંગમાં અમેરિકા જવાનું હોય જેથી મુકેશભાઈ તથા રમેશભાઈના બહેનના આગ્રહ કરવાથી અમેરિકા જવાની ટીકીટ અને ટૂર પેકેજ અમેરિકા તથા અમદાવાદમાં કાર્યરત વૈશવી ટુરીઝમ પ્રા. લિ. માં કરવાનું નક્કી કર્યું હતું, જે ટૂર પેકેજના કુલ રૂપિયા ૭.૭૧ લાખમાંથી રૂ.૩.૧૪ લાખ રમેશભાઈ અને વસંતભાઈએ તથા રૂ. ૧.૬૫ લાખ રમેશભાઈના બેન મીનાબેને તથા રૂ.૨.૯૦ લાખ મુકેશભાઈ પંચાલે વૈશવી ટુરીઝમના ડિરેક્ટર મહર્ષિ દવે અને તેમના પત્ની ભાવિકાબેન દવેના જણાવ્યા મુજબના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારે અમદાવાદમાં કાર્યરત વૈશવી ટુરીઝમ પ્રા. લિ.ના ડાયરેક્ટર મહર્ષિભાઈ પ્રવીણભાઈ દવે અને તેમની પત્ની ભાવીકાબેન મહર્ષિભાઈ દવેને રકમ મળ્યા બાદ, તેમના તરફથી ૧ એપ્રિલ ૨૦૨૫ માટેની ફ્લાઇટ ટિકિટ ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી, જે 'ઓન હોલ્ડ' સ્ટેટસમાં હતી. જે બાદ ટિકિટ કન્ફર્મ મોકલી આપવાનું કહી, કન્ફર્મ ટીકીટ માટે અનેકવાર સંપર્ક કરવા છતાં કોઇ પ્રતિસાદ મળ્યો નહીં. ઉલટા, ફોન પણ રિસીવ ન કરી બંને આરોપીઓએ ઈરાદાથી વિશ્વાસઘાત કરી છેતરપિંડી કર્યાનું સામે આવ્યું હતું. હાલ રમેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# મોરબીમાં કાલિકા પ્લોટ ખાતે ડો.હસ્તલેખાબેન મહેતાનું ૧૭૮મો નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



સ્વ.કુમારી અર્ચિતાબેન રીંડાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિતે આયોજિત કેમ્પમાં ૧૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો

મોરબીના કલિકા પ્લોટ વિસ્તારમાં બાવા અહેમદશાની મસ્જિદ ખાતે ૧૧ મે ૨૦૨૫ના રોજ ડો. હસ્તલેખાબેન મહેતાનો ૧૭૮મો આરોગ્ય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ સ્વ. અર્ચિતાબેન હેમંતકુમાર રીંડાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિતે તેમના માતા-પિતા દ્વારા સુયોગ્ય આયોજન સાથે યોજેલ આ આરોગ્ય કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ તબીબી તપાસ અને દવાઓનો લાભ લીધો હતો.

મોરબી શહેરના કલિકા પ્લોટ વિસ્તારમાં આવેલ બાવા અહેમદશાની મસ્જિદ ખાતે ૧૧ મે ૨૦૨૫ના રોજ એક સેવાભાવી અને સર્વધર્મ સમભાવ દર્શાવતા નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. હસ્તલેખા (હસ્તી)બેન મહેતાનો ૧૭૮મો કેમ્પ સ્વ. કુમારી અર્ચિતાબેન હેમંતકુમાર રીંડાણી (આમદવાદ)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ (૭ મે ૨૦૨૪) નિમિતે તેમની માતા નયનાબેન અને પિતા હેમંતકુમાર રીંડાણી દ્વારા આયોજિત હતો. કેમ્પમાં આશરે ૧૦૦થી વધુ દર્દીઓએ ઉપસ્થિત રહી તબીબી સેવા લીધી હતી. કેમ્પ દરમ્યાન દર્દીઓનું વજન માપવામાં આવ્યું, જરૂરિયાત મુજબ બ્લડ શુગર ટેસ્ટ, બીપી ચેક અને ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી. આંખોની તપાસ સુરેશભાઈ કાલરિયા દ્વારા કરાઈ હતી. જ્યારે કુદરતી પદ્ધતિ દ્વારા સાંધા, હાથ-પગ તથા કમરના દુખાવાની સારવાર જયસુખભાઈ ભાલોડીયા દ્વારા પોઈન્ટ પદ્ધતિથી કરવામાં આવી હતી. દર્દીઓએ આ સારવારથી દુખાવામાં રાહતનો અનુભવ કર્યો હતો.

આ કેમ્પના સફળ આયોજન માટે કાસમભાઈ સંધી, નરેશભાઈ ગોહેલ તેમજ આસપાસના રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈ હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કેમ્પ સહાયકો તરીકે ચંદ્રલેખાબેન મહેતા, રશ્મિનભાઈ દેસાઈ, નિશાબેન દેસાઈ, દર્શનબેન ત્રિવેદી અને કૌશિકાબેન રાવલે મહત્વપૂર્ણ સેવા આપી હતી.

# જેલમાંથી પેરોલ પર જામીન મુક્ત થઈને ભાગી છૂટેલો હત્યા કેસનો આરોપી કાલાવડ પંથકમાંથી ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર કાલાવડ તાલુકાના માછરડા ગામમાં રહેતા જનકસિંહ ઉર્ફે જખ્ખો તખુભા ચૌહાણ કે જેની સામે હત્યા અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો, જે કેસમાં તેને જેલ હવાલે કરાયો હતો, અને પાકા કામના કેદી તરીકે રાજકોટમાં જેલવાસ ભોગવી રહ્યો હતો. દરમિયાન તેને તાજેતરમાં પેરોલ પર મુક્ત કરાયો હતો. જે જામીન પર છુટ્યા બાદ ફરીથી જેલમાં હાજર થયો ન હતો, અને નાસ્તો ફરતો રહ્યો હતો. દરમિયાન કાલાવડ ગ્રામ્ય પોલીસને ચોક્કસ બાતમી મળી હતી, કે ઉપરોક્ત આરોપી જનકસિંહ કાલાવડ તાલુકાના ફગાસ ગામના પાટીયા પાસે આવ્યો છે, જે બાતમીના.આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને ઝડપી લીધો છે અને રાજકોટની જેલમાં પરત મોકલી આપ્યો છે.

# સમાચાર સંક્ષીપતમાં

## મોરબીના શનાળા રોડ ખાતે હાઉસીંગના ત્રણ માળીયાના રહેણાંક નજીક ત્રણ ચપલા સાથે પ્રૌઢની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શનાળા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડના ત્રણ માળીયાના રહેણાંક નજીક એક ઈસમ ખાટલામાં બેઠો હોય, ત્યારે તેની પૂછતાછ કરી શંકા જતા તલાસી લેતા, ખાટલના ગાદલા નીચે પ્લાસ્ટિકની થેલીમાંથી વિદેશી દારૂ બ્લેક ડોગ સ્કોચ-વ્હિસ્કીની ૧૮૦મીલી. ની ત્રણ બોટલ કિ.રૂ.૨,૨૫૦/- મળી આવતા તુરંત આરોપી જીતેન્દ્રભાઈ વાલજીભાઈ દેવાતકા ઉવ.૫૭ રહે. એમ-૪૦ બ્લોક નં.૨૧૯ ગુજરાપ હાઉસિંગ બોર્ડ ત્રણ માળીયા મોરબી વાળાની અટકાયત કરવામાં આવી હતી, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાંથી મહિલા વિદેશી દારૂની ૩ બોટલ સાથે પકડાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાતી પ્લોટ વિસ્તારમાં શેર નં. ૮ માં એક મહિલા શંકાસ્પદ હાલતમાં એક થેલો લઈને ઉભેલ હોય, જેથી પોલીસે તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ત્રણ શીલપેક બોટલ કિ.રૂ.૯૦૦/- મળી આવતા, આરોપી જરીનાબેન સલીમભાઈ ગુલામહુશેન ભટી ઉવ.૩૪ રહે. લાતી પ્લોટ શેરી નં. ૮ મોરબીવાળીની અટક કરવામાં આવી હતી, આ સાથે પોલીસે એ ડિવિઝન પોલીસ મથક ખાતે આરોપી મહિલા વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

## મોરબીમાં નોટના નંબર પર જુગાર રમતા ચાર શકુની ૧૦,૪૦૦ની રોકડ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી કબીર ટેકરી મેઈન રોડ ઉપર જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા ચાર ઇસમોને સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં આરોપી કામરાનભાઈ સલીમભાઈ ઉમરભાઈ ચાનીયા ઉવ.૩૪ રહે. રાજકોટ દૂધ ડેરી ભગવતીપરા શેરી નં.૩ રાજકોટ, બિલાલભાઇ આદમભાઇ ચાનીયા ઉવ.૩૫ મોરબી રણછોડનગર નિધિ પાર્ક, પ્રવીણભાઈ મોહનભાઇ ગોહિલ ઉવ.૩૫ રહે.મોરબી નવલખી રોડ શ્રદ્ધા પાર્ક તથા અશરફભાઈ આમદભાઇ ઓડીયા ઉવ.૫૧ રહે.મોરબી લાતી પ્લોટ શેરી નં.૧૧ જોન્સનગર વાળાની રોકડા રૂપિયા ૧૦,૪૦૦/-સાથે ધરપકડ કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

## મોરબીના ધરમપુર ગામ નજીક રોડ સાઈડમાં પાર્ક કરેલ બાઇકની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ગ્રામ્ય વિસ્તારમાંથી બાઇક ચોરી થયાના બનાવમાં તાલુકાના ધરમપુર ગામની સીમમાં મચ્છુ-૩ પુલના છેડે રોડ સાઈડમાં પાર્ક કરેલ બાઇકની કોઈ અજાણ્યા વાહન ચોર દ્વારા ચોરી કરી લઈ ગયા અંગેના બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી રવાપર ગામ સીટી હાઈટ્સ એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૧ માં રહેતા મૂળરહે. ગ્રીન ચોક નજીક પારેખ શેરી વાળા સુજ્ઞેશભાઇ ચંદુલાલ પાટડીયા ઉવ-૩૫ બાઇક ચોરી થાય અંગે સીટી એ ડિવોઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૨ ફેબ્રુઆરી પોતાનું હીરો કંપનીનું કાળા રંગનુ સ્પલેન્ડ પ્રો. મોટર સાઈકલ રજી.નં. જીજે-૧૩-એલએલ-૩૫૪૯ ધરમપુર ગામની સીમ, રવીરાજ ચોકડીથી મોરબી જતા રોડ પર મચ્છુ-૦૩ પુલના ખુણે રોડની સાઇડમાં જાહેરમાં પાર્ક કર્યું હોય, ત્યારે તા.૦૨/૦૨થી ૦૩/૦૨ના સાંજના ૬ વાગ્યાના સમયગાળા દરમિયાન ઉપરોક્ત બાઇક કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરીને લઈ ગયા હોય, ત્યારે સુજ્ઞેશભાઈએ પ્રથમ ઇ-એફઆઈઆર બાદ તાલુકા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવતા, પોલીસે બાઇક ચોરી અંગે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના વૃદ્ધાશ્રમમાં યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા મધર્સ ડે પર માતૃવંદના સાથે અનોખી ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા મધર્સ ડે નિમિતે સ્થાનિક વૃદ્ધાશ્રમની વૃદ્ધ માતાઓને સાડીનો સેટ તથા જીવન જરૂરી ચીજવસ્તુઓ આપી માતૃવંદના કરવામાં આવી. માતાઓ ભાવુક બની અને સભ્યોને આશીર્વાદ આપ્યા.

મોરબી શહેરમાં સામાજિક સેવા અને રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા મધર્સ ડે નિમિતે એક અનોખી અને ભાવનગરીય ઉજવણી કરવામાં આવી હતી. મોરબીના સ્થાનિક વૃદ્ધાશ્રમની વૃદ્ધ માતાઓ માટે આ દિવસે ખાસ કાર્યક્રમ યોજી તેમના માટે સન્માન અને પ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો હતો. યંગ ઇન્ડિયા ગ્રુપના સભ્યો દ્વારા વૃદ્ધાશ્રમમાં રહેતી માતાઓને સાડીનો સેટ તેમજ જીવન જરૂરિયાતોની કીટ ભેટમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે માતાઓ ભાવુક બની ગઈ અને મનથી શુભકામનાઓ આપી ઉંડો ભાવ વ્યક્ત કર્યો હતો.





સાડીના સેટ અને જીવન જરૂરિયાતોની કીટ આપી વૃદ્ધ માતાઓના જીવનમાં લાવ્યો ઉમંગ, માતાઓના આશીર્વાદથી સભ્યોએ ધન્યતા અનુભવી

આ તકે ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. માતાનું સ્થાન ક્યારેય કોઈ લઈ શકતું નથી. તેમના માટે કરેલુ સ્નેહભર્યુ સન્માન એ સાચા અર્થમાં જીવનમૂલ્યો જાળવવાનો પ્રયાસ છે. યંગ ઈન્ડિયા ગ્રુપ હંમેશાં દરેક તહેવારને સામાજિક સંદેશ સાથે ઉજવવાની અનોખી પદ્ધતિ અપનાવતું આવ્યું છે. ત્યારે મધર્સ ડે જેવા દિવસને માત્ર સ્મૃતિ તરીકે નહીં, પરંતુ એક જીવંત અભિવ્યક્તિ રૂપે ઉજવીને માતૃત્વના ભાવને ઉજાગર કર્યો હતો.

# માળીયા(મી)ના સરવડ ગામે ગાળો બોલવાની ના પાડવા બાબતે છરી-ધારીયા ઉડયા, ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**



માળીયા(મી) તાલુકાના સરવડ ગામે ધાર્મિક પ્રસંગના જમણવાર સમયે ગાળો બોલવાની ના પાડતા, જે બાબતે ઉશ્કેરાયેલ ત્રણ શખ્સો દ્વારા છરી, ધારીયા જેવા ઘાતક હથિયારો વડે બે લોકો ઉપર હુમલો કરવાની ઘટનામાં ત્રણ પિતા-પુત્રો સામે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) તાલુકાના સરવડ ગામે જુના વણકરવાસમાં રહેતા દિપકભાઇ વિરજીભાઇ મુછડીયા ઉવ.૨૭ એ આરોપી અરવિંદભાઇ રણછોડભાઇ પરમાર, તુલસીભાઇ રણછોડભાઇ પરમાર તથા રણછોડભાઇ પરમાર બધા રહે-સરવડ ગામ વાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી કે ગત તા.૧૦/૦૫ના રોજ સરવડ ગામે નરસંગ ભગવાનનો પાઠ હોય ત્યાં જમણવાર પ્રસંગે અરવિંદભાઈ ગાળો બોલતા હોય ત્યારે તેઓને ગામના પંકજભાઈ દ્વારા ગાળો બોલવાની ના પાડતા, પંકજભાઈ અને અરવિંદભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોય જે બાબતે સારૂ નહી લાગતા, ત્રણેય પિતા પુત્રો હાથમાં છરી ધારીયા લઈને આવી, પંકજભાઈને ત્રણેય જણા ભુંડી ગાળો બોલી આરોપી તુલસીભાઈએ છરી વડે પંકજભાઈને પેટના ભાગે તથા ખંભા નીચે ઇજા પહોંચાડી હતી, તે દરમિયાન ફરિયાદી દીપકભાઈ છુટા પડાવવા વચ્ચે પડતા તેઓને પણ છરી અને ધારીયા વડે ઈજાઓ પહોંચાડી ત્રણેય ભેગા મળી ભુંડી ગાળો બોલી ઢીકા પાટુનો મુંઢ માર માર્યો હતો. જે બાદ બન્ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા, જ્યાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દરીયાઇ વિસ્તારોમાં પોલીસ દ્વારા સઘન ચેકીંગ, પેટ્રોલિંગ



**મુખ્ય સમાચાર,જામનગર**

***જામનગર સાપ્રત પરિસ્થિતિને અનુસંધાને જામનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, મરીન ટાસ્ક ફોર્સ તથા સ્થાનિક પોલીસની ટીમો દ્વારા સઘન દરીયાઈ સુરક્ષા સાથે પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ. જામનગર ઉપરાંત જોડીયાના દરીયાકાંઠા ધરાવતા કોસ્ટલ એરીયામાં પણ પોલીસ દ્વારા ખાસ ચેકીંગ સાથે પેટ્રોલિંગ હાથ ધરાયુ હતુ.***

# વાંકાનેર મેસરીયા ગામે બાઇક સ્લીપ થતા ઈજાગ્રસ્ત યુવકનુ સારવાર દરમિયાન મૃત્યુ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે રહેતા લાલજીભાઇ ગોવિંદભાઇ સાકળીયા ઉવ.૩૪ ગઈ તા.૦૩ અપ્રિલના રોજ મોટર સાયકલ લઇને જતા હતા, ત્યારે મેસરીયા ગામ પાસે કોઇ કારણોસર મોટર સાયકલ સ્લીપ થઇ જતા પગના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, જે બાદ ત્યાંથી વાંકાનેરની પ્રાઇવેટ હોસ્પિટલમા સારવાર લીધી હતી, ત્યારે લાલજીભાઈને રજા આપી દેતા, તેઓ ઘરે જતા રહેલ હોય. જે બાદ ગઇકાલ તા.૧૦ મે ના રોજ લાલજીભાઈને ફરી પાછો દુખાવો ઉપડતા તેઓને બેભાન હાલતમા રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવારમા લઇ જતા, જ્યાં સારવારમા દાખલ કરેલ હોય, ત્યારે ચાલુ સારવાર દરમ્યાન લાલજીભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના કુંભારપરામાં તીનપત્તીનો જુગાર રમતા ૬ ઝબ્બે

વાંકાનેર ટાઉનમાં કુંભારપરા ભઠ્ઠી વિસ્તારમાં ખુલ્લા પટ્ટમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા મુકેશભાઇ ભોગીલાલ શાહ ઉવ.૫૯ રહે.જીનપરા વાંકાનેર, વિનોદગીરી જમનાગીરી ગૌસ્વામી ઉવ.૭૦ રહે.જીનપરા ભાટીયા શેરી વાંકનેર, રૈયાભાઇ મનજીભાઇ ડાભી ઉવ.૬૭ રહે. જીનપરા શેરી નં-૧૨ વાંકાનેર, અતાહુશેન હાતીમભાઇ ત્રિવેદી ઉવ.૫૦ રહે.વોરાવાડ શેરી નં-૦૪ વાંકાનેર, સતારભાઇ અબ્દુલભાઇ ભાડુલા ઉવ.૫૨ રહે. ખાટકીવાસ બસ સ્ટેશન પાસે સુરેન્દ્રનગર તથા કેશુભાઇ પોપટભાઇ માલકીયા ઉવ.૬૩ રહે. વીશીપરા સરધારકા રોડ વાંકાનેર વાળાને રોકડા રૂ.૭,૩૭૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. વાંકાનેર તાલુકા પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના રેલનગરમાં યોજાયેલ રક્તદાન શિબિરમાં ૫૫ થી વધુ વ્યક્તિઓએ કર્યું મહાદાન




**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને રાજકોટ પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી રાજકોટના રેલનગર વિસ્તારની સોસાયટીમાં મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં મામલતદાર શહેર પૂર્વના વિસ્તારમાં સમાવિષ્ટ જડેશ્વર બંગ્લોઝ, રેલનગર ખાતેની સોસાયટી અને આસપાસના વિસ્તારના સ્થાનિકો સહિત ૫૫થી વધુ વ્યક્તિઓએ રકતદાન કર્યું હતું.

જેમાં સોસાયટીના આગેવાનો વિપુલભાઈ સંખાવરા, મધુસુધનભાઈ બારોટ, વિશ્વજીતસિંહ ગોહિલ અને અન્ય સભ્યઓ, સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના ટ્રસ્ટી બોરડભાઈ, રાજકોટ શહેર પૂર્વના મામલતદાર એસ.જે.ચાવડા, પ્રાંત કચેરીના શિરસ્તેદાર એમ.ડી.ભાલોડી, મામલતદાર કચેરી રાજકોટ શહેર પૂર્વના નાયબ મામલતદારઓ એમ.બી. જાડેજા, જનકભાઈ સાંબડ, અન્ય નાયબ મામલતદારો વસીમભાઈ રિઝવી અને અજયસિંહ જાડેજા, ક્લાર્ક બકુલભાઈ પરમાર અને હેમાંગભાઈ ધોરિયાણી સહિતના લોકો સહભાગી થયા હતા.

# ઉનાના ગરાળ ગામે ભાવનાબેનુ મૃત્યુ થતાં તેમની દીકરીઓએ કાંધ આપી દાખલો બેસાડ્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલઃ અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ગરાળ રહેતા ભાવનાબેન ભાણજીભાઈ તેમને કિડનીની ગંભીર બીમારી હોય જેથી તેમને રાજકોટ સારવાર હેઠળ હોય તે દરમિયાન તેમનું અવસાન થયેલ હોય તેમને પોતાના ગામ એટલે ગરાળ ગામે તેમનો મૃતદેહ લાવવામાં આવેલો અવસાન થયેલ ભાવનાબેન નેદીકરોન હોય માત્ર ચાર દીકરીઓ હોય જેમાં મનીષા અરુણા નિકિતા અંજલિ આમ ચાર દીકરીઓ હોય ત્યારે તેમની માતા ભાવનાબેન ભાણજીભાઈ બાંભણીયા તેમનું મૃત્યુ થતાં તેમની સમશાન યાત્રામાં લોકો મોટી સંખ્યામાં જોડાયા ત્યારે તેમની ચારેય દીકરીઓએ કાંધ આપી સમાજમાં દાખલો બેસાડ્યો છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળકો માટે રાજકોટમાં નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન

## ‘‘મેદસ્વિતામુક્ત ગુજરાત‘‘ અભિયાન અન્વયે મહાનગરપાલિકા વિસ્તારમાં દસ સ્થળોએ યોજાનારા સમર યોગ કેમ્પ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા.૧૬/૫/૨૦૨૫થી ૩૦/૫/૨૦૨૫ સુધી રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા દસ સ્થળોએ બાળકો માટે નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં ૭ થી ૧૫ વર્ષના બાળકોને સવારના ૭ થી ૯ વાગ્યા સુધી પ્રશિક્ષિત કરવામાં આવશે.

રાજ્ય સરકારે ‘‘મેદસ્વિતામુકત ગુજરાત‘‘ અભિયાનને વેગવંતુ કરવા રાજ્યના વિવિધ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ અભિયાન અંતર્ગત બાળકો શાળાના વેકેશનનો સદુપયોગ કરી શકે તે આશયથી સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવશે, જેમાં પ્રશિક્ષિત ટ્રેનર અને કોચ દ્વારા બાળકોને યોગ, પ્રાણાયામ અને કસરતથી જીવનમાં નિયમિતતા, શિસ્ત, શારીરિક તંદુરસ્તી અને એકાગ્રતા કઈ રીતે કેળવી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત ટ્રેનર્સ દ્વારા બાળકોને પૌષ્ટિક આહાર આરોગવાથી શરીર અને મનને થતાં ફાયદાઓ અંગેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આપશે.

આ સમર યોગ કેમ્પમાં જોડાવવા WWW.GSYB.IN લીંક પર રજીસ્ટ્રેશન કરવા રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ કો-ઓર્ડીનેટર મીતાબેન તેરૈયા અને વેસ્ટ કો-ઓર્ડીનેટર ગીતાબેન સોજીત્રાએ અનુરોધ કર્યો છે.

# આખું યુદ્ધ જોવું હોય તો ૪૦૦ બેઠક આપવી પડેઃ ભાજપના કોર્પોરેટરે ચેતન સુરેજાએ વિવાદીત પોસ્ટ મુકતા રાજકારણ ગરમાયું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ છે, ત્યારે રાજકોટ ભાજપના એક કોર્પોરેટરની પોસ્ટે વિવાદ જગાવ્યો છે. નામના ગ્રૂપમાં કોર્પોરેટર ચેતન સુરેજાએ પોસ્ટ મૂકી હતી કે, ૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે, જો આખું જોવું હોય તો ૪૦૦ સીટ આપવી પડે. ગ્રૂપમાં પોસ્ટ મુકાતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા જોકે કોઈએ આ બાબતે કોઈ રિપ્લાય પણ આપ્યો ન હતો.

૧૦ મેના રોજ સીઝફાયર કરાયું તે સંદર્ભે પણ ભાજપ-કોંગ્રેસના નેતાઓ વચ્ચે વાકયુદ્ધ જેવી સ્થિતિ છે. બીજી બાજુ ભારતની ત્રણેય પાંખના વડાઓએ પ્રેસ કોન્ફરન્સ કરીને દરેક બાબતે સ્પષ્ટતા પણ કરી દીધી છે. જોકે કેટલાક નાગરિકો મજાક ઉડાવતી પોસ્ટ અલગ અલગ માધ્યમોથી મૂકી રહ્યા છે. અમદાવાદ સહિતના શહેરોમાં ભારત વિરોધી પોસ્ટ મૂકનારા સામે ગુના પણ દાખલ કરવામાં આવ્યા છે અને આવા લોકોની ધરપકડ પણ કરી લેવામાં આવી છે.

દરમિયાન RAJKOT BJP નામના વોટ્સએપ ગ્રૂપમાં અચાનક જ એક પોસ્ટ મૂકવામાં આવી હતી અને તેમાં લખવામાં આવ્યું હતું કે, ૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે, વધુ જોવું હોય તો ૪૦૦ સીટ આપવી પડે. આ પોસ્ટ વોર્ડ નં.૧૦ના ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાએ મૂકી હતી. આ પોસ્ટે રાજકોટ શહેર ભાજપના ટોચના હોદ્દેદારોને પણ શરમજનક સ્થિતિ-માં મૂકી દીધા છે. ભાજપના આ ગ્રૂપમાં ૪૬૨ જેટલા સભ્ય છે જેમાં રાજકોટના ચારેય ધારાસભ્ય, તમામ કોર્પોરેટર ઉપરાંત પૂર્વ અને વર્તમાન હોદ્દેદારોનો પણ સમાવેશ થાય છે. આ પોસ્ટ થકી કોર્પોરેટર ચેતન સુરેજા શું કહેવા માગે છે તે તો તેઓની પૂછપરછ થાય તો જ ખ્યાલ આવે.

# પતિના ત્રાસમાંથી પીડિતાને ઉગારી સુખદ સમાધાન કરાવતી ૧૮૧ અભયમ હેલ્પલાઇન




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર મહિલાઓની સુરક્ષાના અભય વચન માટે હરહંમેશ કટિબદ્ધ છે, તે હેતુસર ૧૮૧ મહિલા હેલ્પલાઇનની સુવિધા કાર્યરત છે. જેની મદદથી અત્યાર સુધીમાં લાખો મહિલાઓના જીવન સરળ બન્યા છે. આવા જ એક કિસ્સામાં રાજકોટની પીડિતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. અને ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર સુમિતાબેન પરમાર, કોન્સ્ટેબલ શિલ્પાબેન ચાવડા અને ડ્રાઇવર વિપુલભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

અભયમ ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે, મહિલાના લગ્નને પાંચ વર્ષ થયા છે અને તેણીને બે બાળકો છે. થોડા સમય પહેલાં જ પીડિતાના પતિના ફૈબાના દીકરાનું અવસાન થયું હતું. જે પરિણીત અને એક બાળકના પિતા હતા અને તેમના પત્ની વિધવા થતાં પીડિતાના પતિએ પોતાના ઘરે રહેવા જણાવ્યું હતું. ત્યારે વિધવા મહિલા પીડિતાના ઘરે રહેવા આવી હતી. ધીરે ધીરે પીડિતાનો પતિ અવસાન પામેલ ભાઈના પત્નીને વધુ મહત્વ આપવા લાગ્યો અને પોતાની પત્નીને વિધવા મહિલાના સહકારથી માનસિક અને શારીરિક ત્રાસ ગુજારવા માંડ્યો હતો. જીવન નિર્વાહ માટે પીડિતાનો પતિ ઘર ખર્ચ માટેના પૈસા ન આપવા ઉપરાંત ભાભી સાથેના અનૈતિક સંબંધોના લીધે તે મહિલાને ત્રાસ આપી ઘર છોડવા દબાણ કરતો હતો.

અભયમ ટીમના કાઉન્સેલિંગ દરમ્યાન પીડિતાના પતિ અને ભાભી પણ ત્યાં જ ઉપસ્થિત હતા. અને ૧૮૧ અભયમ ટીમે પીડિતા પતિ અને તેમના ભાભીનું અસરકારક કાઉન્સેલિંગ કર્યું હતું, જેમાં ટીમે તેમના પરિવારના બાળકો, વડીલો અને પોતના ભવિષ્ય વિશે ગંભીરતાપૂર્વક વિચારવા અને કાયદાકીય સલાહ, સૂચન, ઘરેલુ હિંસા વિરુધ્ધની જોગવાઈ અંગે સવિસ્તાર તેઓને માહિતી આપતાં પીડિતાના પતિએ પોતે કરેલી ભૂલની માફી માંગી હતી. અને પતિ પત્ની વચ્ચે સુખદ સમાધાન થયું યું હતું. વિધવા ભાભી તેમના ભાઈના ઘરે જતા રહ્યા હતા. આમ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇને પરિવારને તૂટતો બચાવ્યો હતો.

# રક્તદાન કરીને માનવતાની મહેક મહેકાવતા નાગરિકો

## રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં કુલ ૧૪૦૦ બોટલ રક્ત એકત્ર થયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રવર્તમાન પરિસ્થિતિને અનુસંધાને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ ૧૧ તાલુકા મથકોએ તા. ૧૦ મેના રોજ સવારે ૯ કલાકથી રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં કુલ ૧૪૦૦ બોટલ રક્ત એકત્ર થયું હતું. આ તકે જસદણ-વીંછિયા પંથકમાં જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધોરાજી-ઉપલેટા પંથકમાં ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જેતપુરમાં ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા અને રાજકોટમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીએ બ્લડ કેમ્પની મુલાકાત લઈને રક્તદાન કરતા લોકોને બિરદાવ્યા હતાં.

હાલની આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન મુજબ રાજકોટ તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - કુવાડવા ખાતે ૧૦૪ બોટલ, પડધરી તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - પડધરી ખાતે ૧૩૬ બોટલ, લોધિકા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - લોધિકા ખાતે ૪૮ બોટલ, કોટડાસાંગાણી તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - કોટડાસાંગાણી ખાતે ૭૪ બોટલ, જસદણ તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - જસદણ ખાતે ૧૩૦ ખાતે, વીંછિયા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - વીંછિયા ખાતે ૧૨૭ બોટલ, ગોંડલ તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ગોંડલ ખાતે સૌથી વધુ ૩૪૯ બોટલ, જેતપુર તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - જેતપુર ખાતે ૧૫૧ બોટલ, જામકંડોરણા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - જામકંડોરણા ખાતે ૬૦ બોટલ, ધોરાજી તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ધોરાજી ખાતે ૯૮ બોટલ અને ઉપલેટા તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ઉપલેટા ખાતે ૧૨૩ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આમ, રાજકોટ જિલ્લામાં કુલ એક દિવસમાં ૧૪૦૦ બોટલ રક્ત આપીને નાગરિકોએ માનવતાની મહેક મહેકાવી હતી.

ઉલ્લેખનીય છે કે પડધરી અને ધોરાજી તાલુકામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજની બ્લડ બેન્કે સહયોગ આપ્યો હતો. તેમજ અન્ય નવ તાલુકામાં રેડ ક્રોસ સોસાયટી, સૌરાષ્ટ્ર બ્લડ વોલન્ટરી, લાઈફ બ્લડ સેન્ટર, જીવનદીપ બ્લડ સેન્ટર, આસ્થા બ્લડ વોલન્ટરી, દેવ લાઈફ બ્લડ સેન્ટર અને નાથાણી વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી રક્તદાન શિબિર યોજાઈ હતી. જેના માટે દરેક તાલુકાના આરોગ્ય અધિકારી, આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ સહિતના આરોગ્ય સ્ટાફે જહેમત ઉઠાવી હતી, તેમ જિલ્લા આરોગ્ય શાખાના મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફુલમાળીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં ૧૫મે ગુરૂવારના સમસ્ત કોળી સમાજનો શાહી રજવાડી સમુહલગ્ન યોજાશે






**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમસ્ત કોળી એકતા ટ્રસ્ટ ના પ્રમુખ કલ્પેશભાઇ બાવરીયા ઉપપ્રમુખ ધીરૂભાઈ ધોળકીયાના નેત્રુત્વ હેઠળ રાજકોટ શહેરના આંગણે સમસ્ત કોળી સમાજની ૧૫ દિકરીઓનો શાહી રજવાડી સમુહલગ્ન ૧૫/૫/૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪ કલાકે યોજાશે. સ્થળ લકકીરાજ પાર્ટી પ્લોટ, આજીડેમ ચોકડી, મહિકાના પાટીયા પાસે, રાજકોટ. દિકરીઓને કરીયાવરમાં ૧૦૧ થી વધારે ઘરવપરાશની વસ્તુઓ સમિતિ તથા દાતાશઓ તરફથી આપવામાં આવશે. તેમજ મહેમાનો અને જાનૈયાઓ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સમસ્ત કોળી સમાજના સંતો-મહંતો, આગેવાનો, વડિલો, મહિલા મંડળો, ગ્રુપો અને સર્વ જ્ઞાતિના દાતાશ્રીઓ અને આગેવાનો તથા મહેમાનો સમુહલગ્નમાં સહભાગી બનશે. દિકરીઓનું સ્વપન હોય કે તેમના માતા-પિતા દિકરીઓના લગ્ન યાદગાર અને રજવાડી ઘરે કરે તે ધ્યાનમાં રાખીને સમુહલગ્નની આયોજક ટીમ દ્વારા સમુહલગ્નમાં વર-કન્યા માટે બ્યુટીપાર્લરની વ્યવસ્થા, વર-કન્યાની રજવાડી એન્ટ્રી સાથે કેક શેરમની અને વર-કન્યાને રથમાં બેસાડીને ફુલેકુ કાઢવામાં આવશે. ડિ.જે. સાથે વાજતે-ગાજતે લગ્નમંડપમાં લઈ જવામાં આવશે. આ સમુહલગ્ન પાર્ટી પ્લોટમાં રાખવામાં આવેલ છે. આ સમુહલગ્નના મુખ્ય આયોજક કલ્પેશભાઈ બાવરીયા, ધીરૂભાઈ ધોળકીયા, બાબુભાઈ વસવેલીયા, શૈલેષભાઇ માલમ, સુરેશભાઈ જાંબુકીયા, અરૂણાબેન મગવાનીયા, સમુહલગ્નને સફળ બનાવવા સમુહલગ્નની આયોજક ટીમ, મહિલા મંડળો અને સમુહલગ્ન સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે. મો. ૭૯૮૪૫૯૪૪૨૪, ૭૪૦૫૭૭૭૦૯૧ જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ સાથે કલ્પેશભાઇની અખબાર યાદીમાં જણાવેલ છે.

# કાર મંગાવી આપવાની લાલચ આપી પોલીસકર્મી સહિત ત્રણ સાથે ૯.૫૧ લાખની ઠગાઈ

## ડાઉન પેમેન્ટના નામે કિરણ મોટર્સ હિંમતનગરની ખોટા સહી સિક્કાવાળી પહોંચ આપી ત્રણેયને મોરબીના ભેજાબાજે બાટલીમાં ઉતાર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાંકાનેરમાં ફરજ બજાવતા પોલીસકર્મી અને તેમના બે મિત્રોને મોરબીના મિતરાજસિંહ નામના શખ્સે કાર મંગાવી આપવાની લાલચ આપી ડાઉન પેમેન્ટના નામે ત્રણ અલગ અલગ બેંક ખાતામાં કુલ રૂ. ૯.૫૧ લાખ ઓન લાઇન પેમેન્ટ મેળવી છેતરપીંડી કર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ હિંમતનગર કીરણ મોટર્સના ખોટા સહી સિક્કા વાળા દસ્તાવેજો બનાવી, માતબર રકમ લઈને ઠગાઈ કરી છે, હાલ મોરબીનો ભેજાબાજ મોબાઇલ બંધ કરીને રફુચક્કર થઈ ગયો છે. ત્યારે એ ડિવિઝન પોલીસે આરોપીએ આપેલ પોતાનું બેંક ખાતા સહિત ત્રણ બેંક ખાતા ધારક વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને વિવિધ દિશાઓમાં તપાસની તજવીજ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેરના સરધારકા ગામના જયદીપભાઈ જીવરાજભાઈ ડાભી ઉવ. ૨૮, જે હાલ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં કોન્ટેબલ તરીકે ફરજ બજાવે છે, તેમણે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪માં તેમણે પોતે અને તેમના બે મિત્ર મહેશભાઈ માલકીયા અને રવિભાઈ મેર સાથે મળીને મિતરાજસિંહ નિર્મળસિંહ સરવૈયા રહે.મોરબી મારફતે કાર બુક કરાવવાનું નક્કી કર્યું હતું. ત્યારે આરોપી મિતરાજસિંહે તેમને હિંમતનગર કીરણ મોટર્સમાંથી ‘‘મારૂતી સુઝુકી ફ્રોન્સ’’ કાર રૂ.૭.૯૫ લાખમાં મળી જશે એવું જણાવી મિતરાજસિંહ, તેમનો ભાગીદાર મયુરસિંહ ઝાલા રહે.રાજકોટ અને પોતાના પિતા નિર્મળસિંહ સરવૈયાના નામના ત્રણ અલગ અલગ બેંક ખાતામાં ડાઉન પેમેન્ટના નામે ત્રણેય પાસેથી કુલ રૂ. ૯.૫૧ લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ વોટ્સએપ દ્વારા કીરણ મોટર્સ હિંમતનગરની ખોટા સહી સિક્કાવાળી પહોંચ મોકલાઈ હતી. જે બાદ જ્યા ફરિયાદી જયદીપભાઈના મિત્રએ કીરણ મોટર્સ હિંમતનગર સંપર્ક કર્યો ત્યારે તેમને જાણવા મળ્યું કે માત્ર રૂ. ૫,૦૦૦ જ બુકિંગ પેટે જમા થયા છે અને બાકીની કોઇ રકમ તેઓના શો-રૂમમાં જમા કરાઈ નથી. આથી ફરિયાદીઓને પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થઈ હતી. ત્યારે જયદીપભાઈએ આ મામલે ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર પણ ફરિયાદ કરી હતી. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મીતરાજસિંહ, તેના પિતા નિર્મળસિંહ અને તેનો ભાગીદાર મયુરસિંહના બેંક એકાઉન્ટના ખાતા નંબર ઉપરથી ત્રણેય વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના ખડવાવડી ગામે સરકારી ખરાબામાં કરેલ કબજા અંગે ફરિયાદ કર્યાનો ખાર રાખી મારી નાખવાની ધમકી આપી

## ખેતરથી ગામમાં આવતા હતા ત્યારે ખેતરના શેઢે રોકી અહી આવો, તમને પતાવી જ દેવા છે કહી ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના ખડવાવડી ગામે રહેતા અને પશુપાલન સાથે ખેતીકામ કરતા વિજયભાઈ ગોકળભાઈ લાંબરિયા ઉ.૨૮એ રયલા ઉર્ફે રૈયા મેરા બાંભવા, પોપટ સિંધાભાઈ બાંભવા, વિહા સિંધાભાઈ બાંભવા, વાલા ઘુઘાભાઈ બાંભવા, પ્રભાબેન ધનાભાઈ બાંભવા, ગોવિંદ ઘુઘાભાઈ બાંભવા અને રામા ઉર્ફે ભૂપત ભીમાભાઈ બાંભવા સામે ધમકી આપવા અંગે ભાડલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા અમારી જમીનની બાજુની સરકારી ખરાબાની જમીનમાં ઉપરોક્ત લોકોએ કબજો કરી વાડા બનાવી નાખ્યા હતા અને પરાણે અમારા ખેતરમાંથી રસ્તો કાઢવા માથાકૂટ કરતા મેં મામલતદારમાં ફરિયાદ કરી હતી જેમાં રોજકામ બાદ પેશકદમીનો કેસ કરી આ ગેરકાયદે દબાણ દુર કરવા નોટીસ આપી હોય તેનો ખાર રાખી ત્યારથી ધમકી આપી હેરાન પરેશાન કરે છે તેમજ જીવવાનું હરામ કરી નાખ્યું છે ગત ૬ તારીખે હું અને પત્ની ખેતરથી ગામમાં આવતા હતા ત્યારે ખેતરના શેઢે અમને રોકી બય અહી આવો,તો તમને પતાવી જ દેવા છે કહી ધમકી આપતા બીક લાગી હતી બાદમાં ગામના લોકો ધસી આવ્યા હતા અને પોલીસને ફોન કરતા પોલીસ પણ આવી ગઈ હતી જે તે વખતે અમે સમાધાનની વાત કરી હતી પરંતુ આ લોકો ખોટા કેસમાં ફસાવી દેશે તેવી બીક લાગતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

# ચીનના કબ્જા હેઠળના તિબેટમાં ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ

## ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશમાં પણ જમીન ધ્રુજી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચીનના કબ્જા હેઠળના તિબેટમાં રાત્રે ૨.૪૧ વાગ્યે જોરદાર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી.ભૂકંપનુ કેન્દ્ર જમીનથી માત્ર ૯ કીમીની ઉંડાઈએ હતું. જેના કારણે ભારે આંચકા અનુભવાયા હતા. ભારતના રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ આ ભૂકંપની તીવ્રતા નોંધીને પુષ્ટી કરી હતી.

ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા લોકો પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા અને વ્યાપ એટલો વધારે હતો કે પાડોશી દેશ નેપાળ અને ભુતાનમાં પણ આંચકા અનુભવાયા હતા. જયારે ભારતમાં ઉતર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય વગેરે જેવા ઉતર-પૂર્વીય રાજયોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ અનુભવાયો હતો. જોકે અત્યાર સુધી ભૂકંપને કારણે કોઈ જાનમાલનાં નુકશાનના અહેવાલ નથી.

# ધોરણ ૧૦ની પરીક્ષામાં ૯૯.૩૫ પર્સન્ટાઇલ મેળવી ખુમસુરિયા પરિવારનું ગૌરવ વધાર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તપોવન સ્કૂલમાં અભ્યાસ કરતો અને સામાન્ય પરિવાર નો કાવ્ય ખીમસુરીયાએ ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૯૯.૩૫ પર્સન્ટાઇલ મેળવી ઉત્તીર્ણ થઈ ખીમસુરીયા પરિવાર અને તપોવન સ્કૂલ નું ગૌરવ વધાર્યું છે પરીક્ષામાં સારું પરિણામ મેળવી પિતા પ્રવીણભાઈ વીરજીભાઈ ખીમસુરીયા તથા પરિવારના સભ્યો અને નાના ચુનીભાઇ પરમાર સહિતના પરિવારજનોએ શુભેચ્છા પાઠવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નાનામૌવા રોડ પર સમાધાન માટે ભેગા થયેલા શખ્સોએ બોલાવી બઘડાટીઃ સામસામે ફરિયાદ

### જૂથ અથડામણઃ સોડા બોટલના ઘા કરી વાહનમાં તોડફોડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પ્રનગર પોલીસ લાઈનમાં રહેતો યુવાન મિત્રોના સમાધાનમાં ગયો હતો ત્યારે બન્ને પક્ષે સોડાબોટલના ઘા થયા હતાં. અને વાહનોમાં તોડફોડ થઈ હતી. જેમાં ઘવાયેલા બન્ને પક્ષના યુવકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે તાલુકા પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પ્રનગર પોલીસ લાઈનમાં રહેતા અને અભ્યાસ કરતા લાઈનબોય મયુરસિંહ મહેન્દ્રસિંહ સોઢા ઉ.વ.૨૧ એ તાલુકા પોલીસ મથકમાં હર્ષદ રાઠોડ, યશ દવેરા, ઋષિકેશ ખત્રી, સાગર કોઠારી, હિમાલય વાઘેલા અને પાર્થ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુમલાખોર હર્ષદ રાઠોડ અને તેના મિત્રો માલદીપ વચ્ચે માથાકુટ થઈ હતી. જેના સમાધાન માટે નાનામૌવા રોડ ઉપર જડુસ રેસ્ટોરન્ટ નજીક બધા ભેગા થયા હતા ત્યારે દોઢેક વાગ્યાના અરસામાં પાર્થ અને એક શખ્સ એક્ટિવા લઈને આવેલ અને પાછળ એક કાર ઉભી હતી. એક્ટિવામાં બેઠેલા શખ્સે મયુરસિંહ કોણ છે તેવુ પુછતા મયુરસિંહ સોઢાએ જવાબ આપતા એક્ટિવામાં આગળ પડેલા કાચની સોડાના બોટલોના ઘા કરવા લાગ્યા હતાં. તેમજ પાછળ ઉભેલલી કારમાંથી પણ છુટી સોડાબોટલના ઘા કરવા લાગ્યા હતાં. પછી જતાં રહ્યા હતાં. અને ફરી ત્યાંથી નિકળી ફરી સોડાબોટલના ઘા કર્યા હતાં. આવી રીતે ચાર વખત હુમલો કર્યો હતો. તે પછી સ્પીડમાં કાર ચલાવતા ભીમનગર સર્કલ પાસે વણાંક લેવા જતાં અકસ્માત સર્જાયો હતો. અને બધા શખ્સો કાર તથા એક્ટિવા ત્યાં જ મુકી નાશી છુટ્યા હતા. સોડાબોટલના ઘા કરતા મયુરસિંહ સોઢાના મિત્ર અમિત શેખવા, રાજુ પરમાર અને નિતિન પરમારને ઈજા પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવ્યુ હતું.

જ્યારે વળતા પ્રહારમાં સત્યસાંઈ હોસ્પિટલની બાજુમાં આસોપાલવ બંગલોઝમાં રહેતા અને અભ્યાસ કરતા હર્ષ જિતેન્દ્રભાઈ રાઠોડ ઉ.વ.૨૩ એ મયુરસિંહ સોઢા સહિતના અજાણયા છ જેટલા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કે, આરોપીઓએ ફોન કરી હર્ષ રાઠોડને આંબેડકર નગર રોડ પર બોલાવી પથ્થર અને સિમેન્ટના બ્રિક્સ ફેંકી કાર અને એક્ટિવામાં નુકશાન કરી આશરે રૂપિયા ૨ લાખનું નુકશાન કર્યુ હોવાનું ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એસપી ચૌહાણે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# બુટલેગરના પુત્રએ ફોનમાં નાની અને માસીને આપી મારી નાખવાની ધમકી

### પત્ની રિસામણે જતાં તેડવા ગયેલા બુટલેગર ઉપર સાળા અને સાળીએ હુમલો કર્યો' તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભોમેશ્વર વિસ્તારમાં કુખ્યાત બુટલેગર ઉપર તેની સાળી અને સાળાએ હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે બુટલેગરને સારવાર માટે ખશેડવામાં આવ્યો હતો. જે ઘટનામાં બન્ને પક્ષે સામસામે પથ્થરમારો અને મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. બાદમાં કુખ્યાત બુટલેગરના પુત્રએ ફોનમાં નાની અને માસીને ગાળો ભાંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે ની જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોકમાં ગોકુલ મથુરાની પાછળ આવેલ અલક નંદા એપાર્ટમેન્ટમાં રહેતા સરોજબેન મનહરભાઈ કોટક નામના ૬૭ વર્ષના વૃદ્ધાએ કરણપરામાં રહેતા આશિષ હર્ષદભાઈ માંડલિયા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સરોજબેન કોટકે જણાવેલ ફરિયાદ મુજબ તેમની દિકરી મેઘાબેન છેલ્લા બારેક દિવસથી રિસામણે આવી છે. જેનો ખાર રાખી આશિષ માંડલિયાએ ફોન કરી સરોજબેન કોટક અને હિરલબેનને ફોનમાં બિભસ્ત ગાલો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવ્યું છે.

પ્રાથમિક તપાસમાં બે દિવસ પૂર્વે મધરાત્રે ભોમેશ્વર મંદિર પાસે આશિષ માંડલિયાના પિતા હર્ષદ માંડલિયા ઉપર તેની સાળી અને સાળાએ હુમલો કર્યો હતો. જે હુમલામાં બન્નેપક્ષે પથ્થરમારો અને મારામારી થઈ હોવાનો વીડિયો સોશિલ મીડિયામાં વાયરલ થયો હતો. આ અંગે નોંધાયેલી ફરિયાદના પગલે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રીપેરમાં આવેલી કાર મિત્ર સાચવવાના બહાને ગેરેજમાંથી લઈ ગયા બાદ પરત ન કરતા ફરિયાદ

### ગેરેજમાં કલરકામ ચાલતું હોવાથી આરોપીએ પોતાના ફ્લેટ નીચે જગ્યા હોવાથી સાચવવાનું કહી લઈ ગયો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગેરેજમાં રીપેરમાં આવેલી કાર સંચાલકનો મિત્ર સાચવવાના બહાને લઈ ગયા બાદ પરત આપતો ન હોય જેથી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગેરેજમાં કલરકામ ચાલતું હોવાથી આરોપીએ પોતાના ફ્લેટની નીચે જગ્યા હોવાથી સાચવવાનું કહી લઈ ગયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ યુનિવર્સિટી રોડ પર ઈન્દીરા સર્કલ પાસે રૂપિકેશ એપાર્ટમેન્ટમાં રહેતા અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા સર્કલ પાસે માર્બલ ઓટો હબ નામનું ફોર વ્હીલનું ગેરેજ ચલાવતા પોરકોવન સમ્મદ મુદાલીયા( ઉ.વ.૫૬) નામના આધેડે માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના ગેરેજે ગેરેજે અવાર-નવાર બેસવા આવતા ગોંડલ રોડ પર પરીન ફર્નિચર પાસે રહેતા યતીન કાંતીલાલ મારવાડિયાનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના ગેરેજના પૂર્વ કર્મચારી અમીતભાઈ ભટ્ટી ગેરેજે ઈનોવા કાર લઈ આવેલા બમ્પર તુટી ગયું હોવાથી બદલાવવા માટે કાર મૂકી ગયા હતા. બાદમાં બે દિવસ બાદ અમીતભાઈએ ફોન કરી મારૂ એક્સડન્ટ થયું હોવાથી હુ પછી આવીને કાર લઈ જઈશ તેમ કહ્યું હતું. બાદમાં ગેરેજમાં કાર કલર કરવાનો રૂમ બનાવવો હોવાથી અમીતભાઈની કાર ગેરેજમાં વચ્ચે નડતી હોવાથી બહાર રાખી હતી. દરમિયાન ગેરેજે અવાર-નવાર બેસવા આવતા આરોપી યતીનભાઈએ જણાવેલું કે મારા એપાર્ટમેન્ટ નીચે જગ્યા છે તમે મને કાર આપો હું ત્યા રાખી દઈશ અને તમારે જરૂર હોય ત્યારે જણાવજો હું તમારી કાર પાછી આપી દઈશ તેમ જણાવતા ફરિયાદીએ નવેમ્બર ૨૦૨૪માં કાર આરોપીના ઘર નીચે રાખી હતી અને થતીનભાઈએ કારની ચાવી આપી હતી. બાદમાં એપ્રિલ મહિનમાં કારના માલીક અમીતભાઈ કાર લેવા આવતા તેમણે યતીનભાઈએ કાર માટે ફોન કરતા તેમણે કાર હમણા પહોંચાડી દઉં છું તેમ જણાવ્યું હતું.

જોકે કાર દેવા ન આવતા ફરી ફોન કરતા તેઓ બહારગામ છે. આવીને આપી જશે તેમ કહ્યું હતું. બાદમાં તેઓ ફોન ઉપાડતા ન હોય અને તેમનો નંબર બ્લોક લીસ્ટમાં નાંખી દેતા તેમની સાથે વિશ્વાસઘાત થયાની જાણ થતા તેમણે આરોપી રૂ. ૪ લાખની કાર લઈ જઈ પરત ન કરતા હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.વી. ડોડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં બુદ્ધ જયંતિની ભવ્ય ઉજવણી ધમ્મયાત્રા, ધમ્મદેશના સહિતનાં અનેક કાર્યક્રમો

### મહાકારૂણી તથા ગૌતમ બુદ્ધની ૨૫૬૯મી જન્મજયંતી ફેસ્ટિવલમાં ભગવાન બુદ્ધની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે ભગવાન બુદ્ધની ૨૫૬૯મી જન્મ જયંતી છે, વૈશાખી બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી સમગ્ર દેશની સાથે રાજકોટ શહેરમાં પણ કરવામાં આવશે. આ પ્રસંગે ધમ્મયાત્રા, બૌદ્ધ ઈતિહાસની ઝલક, ધમ્મદેશના, ક્રાંતિકારી ગીતો સહિતના અનેક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે.

મોટા મવાના બોધિસત્વ આંબેડકર બૌદ્ધ વિહાર ટ્રસ્ટ તથા સુગમ બુદ્ધ વિહાર દ્વારા સોમવારે સવારે ૯ વાગ્યે વિશાળ ધમ્મયાત્રા રાખવામાં આવી છે. જેનો રૂટ સિવિલ હોસ્પિટલ ચોકમાં આવેલી ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી બુદ્ધવિહાર કણકોટ સુધી રહેશે. જ્યાં સાંજે ૪થી ૬ વાગ્યા સુધી ભારતના બૌદ્ધ ઈ તિહાસની ઝલક બતાવવામાં આવશે. જ્યારે સાંજે ૬થી ૮ વાગ્યા દરમ્યાન ધમ્મદેશના કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. રાતે ૯ વાગ્યાથી બુદ્ધ ભીમ ક્રાંતિ ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ઉપરાંત સુગમ સોસાયટી મેઈન રોડ પાસે સુગમ ગૌતમ બુદ્ધ વિહાર, ડો. ભીમરાવ આંબેડકર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સોમવારે રાતે વાગ્યે બુદ્ધવાણી-ભીમક્રાંતિ ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જ્યારે નાના મવા સર્કલ પાસેના આરએમસી ગ્રાઉન્ડ ખાતે ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેસ્ટિવલના છેલ્લા દિવસે સોમવારે સાંજે ધમ્મ દેશનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સાથે એલઈડી સ્ક્રીન મારફતે ભગવાન બુદ્ધની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવશે.

# લોઠડા ગામે કારખાનામાં નિદ્રાધીન કર્મચારી પર અજાણ્યા શખ્સનો બોથડ પદાર્થ વડે હુમલો

### યુવાન સવારે ભાનમાં આવતા ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારિયા રોડ પર લોઠડા ગામે કારખાનામાં રાત્રિના સમયે નિદ્રાધિન કર્મચારી ઉપર અજાણ્યા શખ્સે હુમલો કરી માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીંકી દીધા હતા. કર્મચારી સવારે ભાનમાં આવતા ઈજાગ્રસ્ત હાલતમાં હોય તેને સારવારમાં ખસેડી પોલીસે ગુનો નોંધી હુમલાખોરની શોધખોળ હાથ ઘરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુળ લીંબડીના વતની અને હાલ કોઠારિયા ગામે રહેતા અને લોઠડામાં આવેલા વિશાલ મેન્યુફેકચર્સ નામના કાસ્ટીંગના તરીકે નોકરી કરતો હાર્દિક બળદેવભાઈ છેલૈયા (ઉ.વ.૩૪) નામનો યુવાન ગત તા.૯ના નોકરી ઉપર ગયો હતો અને કારખાનામાં નવી મોટર બોડી બનાવવાનું સેટઅપ કરવાનું હોવાથી રાત્રીના કારખાને રોકાઈ ગયા હતા. રાત્રે કામ પૂરૂ કરી તેઓ સાડા બારેક વાગ્યે કારખાનાની ઓફિસમાં સોફા ઉપર સૂઈ ગયા હતા. બાદમાં વહેલી સવારે પાચ વાગ્યે તેઓ જાગીને ઉભા થતા તેમને ચક્કર આવવા લાગ્યા હતા અને માથામાંથી લોહી નીકળતું હોય તથા સોફા ઉપર અને ઓફિસમાં નીચે પણ લોહી જોવામાં આવતા તેમને ફોન કરી શેઠને જાણ કરતા અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા અને હાર્દિકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.તબીબો દ્વારા માથામાં ૮ થી ૯ ટાંકા લેવામાં આવ્યા હતા અને માથામાં હેમરેજ થઈ ગયાનું જણાવ્યું હતું. રાત્રે તેઓ સુઈ ગયા બાદ કોઈ અજાણ્યા શખ્સ દ્વારા લાકડી અથવા પાઈપ જેવા બોથડ હથિયાર વડે હુમલો કર્યો હોવાનું જણાયું હતુ. આ અંગે આજીડેમ પોલીસે ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાનું બોગસ FB એકાઉન્ટ ખુલ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




### ક્રિકેટ સ્ટેડિયમમાં ઉભા હોય, આનંદીબેન સાથે વાતો કરતા હોય તેવા ફોટા પણ મુકાયા : સાયબરે શરૂ કરી તપાસ

રાજકોટ શહેર પોલીસ વિભાગના પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાનું એફબી એકાઉન્ટ નકલી બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેબાબત પોલીસ કમિશનરને ધ્યાને આવતા તેણે તુરંત સાયબર વિભાગને તપાસના આદેશો આપ્યા છે અને નામનું એકાઉન્ટ બનાવનાર શખ્સને ઝડપી લેવા કહ્યું છે. સોશિયલ મીડિયા એ લોકો માટે જેટલું ફાયદાકારક છે તેટલું વાતક પણ છે. લોકો પાસેથી નાણા ખંખેરવા માટેનું સાધન પણ આ સોશિયલ મીડિયા બન્યું છે. તેવામાં રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં ઉડમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સ્ટેડિયમમાં પોલીસ કમિશનર ઊભા હોય તેવો કોટો રાખવામાં આવેલો છે. આ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથેના પણ ફોટા મુકવામાં આવ્યા છે. પોલીસ કિંમશનર બ્રિજેશ કુમાર ઝાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, મારા એક બે મિત્રો દ્વારા મને ફોન કરી કહેવામાં આવ્યું કે તમારા નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનેલું છે. જે બાદ મેં તપાસ કરતા મને ધ્યાન આવ્યું કે તે વાત સાચી છે. જેથી તુરંત જ આ બાબતે સાયબર કાઈમ પોલીસને જાણ કરી છે અને તે તપાસ કરી રહ્યા છે. આ નકલી એકાઉન્ટમાંથી મેસેજ કરી નાણાની માંગણી કરવામાં આવતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જેથી લોકોને પણ વિનંતી છે કે, આ પ્રકારનો કોઈ મેસેજ આવે તો કોઈએ નાણા આપવા જોઈએ નહીં.

# ગુજરાતમાંથી ટૂ-વ્હિલર્સ ચોરી ભાંગી નાખી તેના પાર્ટસ વેચવાનું કારસ્તાન ઝડપાયું

### ધંધુકાની તસ્કર બેલડી બાઈક ઉઠાવી ગેરેજમાં તોડી એન્જિન, ટાયર સહિતના અન્ય પાર્ટસ સસ્તામાં વેચી નાખતાઃ ૨૭ બાઈક ચોરીનો ભેદ ઉકેલતી વિંછીયા પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રભરમાંથી બાઈક ચોરી કરી ગેરેજમાં લાવી એન્જિન અને અન્ય પાટ્ર્સ અલગ કરીને સસ્તામાં વેચી દેવાના કારસ્તાનને વિંછીયા પોલીસે પકડી પાડયું છે. ધંધુકાની બેલડી છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી બાઈક ચોરીને તોડી નાખતી હતી અને પાર્ટ ગેરેજ ધારકોને કે જેને જરૂરિયાત હોય તેને વેચતી હતી. આરોપીએ ૨૭ બાઈક ચોર્યાની કેફિયત આપી છે. પોલીસે ચાર લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વિંછીયામાં ત્રણ બાઈક ચોરાતા પોલીસ સતર્ક બની હતી. તસ્કરોને શોધવા માટે સીસીટીવી અને હ્યુમન સોર્સની મદદ લેતા તસ્કર બેલડીની ઓળખ મળી હતી. થોરિયાળી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ



દરમિમયાન બાઈક પર બે રાખસો કોથળીમાં બાઈકનું એન્જિન લઈને નીકળ્યા હતા. બન્ને શખસોને અટકાવીને પૂછ્તાછ કરાતા રૅકેટ ખૂલ્યું હતું. ધંધુકાના મોદી ફળી સાંકળી શેરીમાં રહેતા હરેશ ઉર્ફે હુરી પ્રેમજી મેટાળિયા (ઉ.વ.૪૭) તથા ગેરેજ સંચાલક ભાસીત એહમદ મારૂ (ઉ.વ.૩૯, રહે. મદીના મસ્જિદ પાસે-ધંધુકા) બન્નેની વિંછીયા પોલીસે ધરપકડ કરી પૂછ્તાછ હાથ ધરી હતી.

બન્ને શખસોના બે દિવસના રિમાન્ડ મેળવીને હાથ ધરાયેલી પોલીસ ટ્રીટમેન્ટમાં આરોપીએ વિંછીયામાંથી ૨૦ દિવસ દરમિયાન બે બાઈક તેમજ સાત માસ પહેલાં એક મળી કુલ ત્રણ બાઈક ચોર્યા હતા. આ ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી અલગ-અલગ સ્થળોએથી ૨૭ જેટલા બાઈક ચોર્યાની કબુલાત આપી હતી. પોલીસને તપાસમાં હજુ વધુ બાઈક કે વાહનોની ચોરીના ભેદ ખુલવાની સંભાવના છે. બાઈક ચોરીને ગેરેજ ધારક * ભાસીતને ત્યાં ભાઈક લઈ જવાતા હતા.

વાહનચોર બેલડી ચોરી કરવા નીકળે ત્યારે માસ્ટર કી સાથે રાખતી હતી, જે બાઈક લોક કરેલા હોય તે બાઈકના લોક ચેક કરતાં. જેના લોક ઘસાયેલા હોય તેવા બાઈકના લોક માસ્ટર કીથી ખોલી નાખતા. ચાલુ કરીને હંકારી જતા હતા. વિંછીયા પોલીસે ૧૫ સ્થળના સીસીટીવી ચેક કર્યા, ત્યારબાદ જે એન્જિન મળ્યું તે પોકેટ એપમાં ચેક કરી ભેદ ઉકેલ્યો હતો.

બાઈક ચોરીને બાસીતના ગેરેજ લઈ આવતા હતા ત્યાં બાઈકના બધા પાટ્ર્સ અલગ કરી નખાતા હતા. એન્જિન અને એવી વસ્તુઓ બાસીત વેચતો જયારે ટેંક, પડિયા, ટાયર સહિતની વસ્તુઓ હરેશ વેચતો. ક્યારેક બન્ને સાથે વેચવા જતા હતા.

# રાજકોટના યુવાનને લગ્ન માટે યુવતી બતાવવા બોલાવી હત્યા કરી દેવાઈ

### ઝાલોદના ચાકલિયાના જંગલમાં થયેલી હત્યાનો ભેદ ખૂલ્યોઃ મહિલા સહિત ત્રણ શખ્સોએ રૂા.૧૦ લાખ ખંડણી માગી, ત્રણેયની ધરપકડ




**મુખ્ય સમાચાર, દાહોદ**

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલિયા ગામે જંગલ વિસ્તારમાંથી રાજકોટના યુવકની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી હતી. જે બનાવમાં મૃતકને લગ્ન માટે છોકરી બતાવવાનું કહી રૂા. ૧૦ લાખની ખંડણીની માંગણી સાથે મહિલા સહિત ત્રણ શખ્સોએ માર મારી મોતને ઘાટ ઉતાર્યો હોવાની ફરિયાદ તેમના સંબંધીએ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી મહિલા સહિત ત્રણની અટકાયત કરી છે.

ગત તા.૯મીના રોજ ચાકલીયા ગામે જંગલ વિસ્તારમાંથી રાજકોટના ૪૦ વર્ષીય રમેશ કરમશીભાઈ ડાંગરેચીયાની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે મૃતક યુવકના સાળા પ્રકાશભાઈ મનસુખભાઈ ચાવડાએ ચાકલીયા પોલીસ મથકે મહિલા સહિત ૩ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યા અનુસાર, રમેશભાઈ રાજકોટ તાલુકાના કાગદડી ગામે તેમના ઘરમાં ગેરેજ ચલાવતા હતા જેની આજુબાજુ દાહોદ જિલ્લાના માણસો કામ કરતા હોઈ અવારનવાર ગેરેજ પર આવતા તેમની સાથે મિત્રતા થઈ હતી. રમેશભાઈના ૧૪ વર્ષ પહેલાં છૂટાછેડા થયા હતા અને સંતાનમાં બંસી નામની ૧૫ વર્ષની દીકરી હતી. થોડા દિવસ પહેલા દાહોદ જિલ્લાની સુનિતા અને પ્રવીણ નામના શખ્સો રમેશભાઈના ઘરે આવ્યા હતાં.

જ્યાં સુનીતા સાથે લગ્ન અંગે વાત થઈ હતી, પરંતુ લગ્ન પેટે રોકડા રૂપિયા અઢી લાખ તથા અઢી કિલો ચાંદીની માંગણી કરતા રમેશભાઈએ ના પાડી હતી. ત્યારપછી રમેશભાઈ ત્રણ-ચાર દિવસ અગાઉ દાહોદ જવાનું કહીને નીકળી દાહોદ આવ્યા હતાં. જ્યાં પહોંચી તેમણે ફોન કરીને કહ્યું કે મને બીજી છોકરી બતાવવા લઈ જાય છે, હું એમના ઘરે છું છોકરી આવશે એટલે હું તમને વીડિયો કોલથી બતાવીશ. ત્યારબાદ સાળા પ્રકાશભાઈ ઉપર રમેશભાઈના મોબાઈલથી અજાણ્યા માણસોએ ફોન કરી રમેશભાઈ અમારા કબજામાં છે, જીવતો રાખવો હોય તો દસ મિનિટમાં દસ લાખ રૂપિયા નાંખો નહીં તો જાનથી મારી નાખીશું, તેવી ધમકી આપી હતી. તે સમયે ફોનમાં રમેશભાઈને મારતા હોઈ તેમની બૂમો અને ચીસો સંભળાતી હતી. ત્યાર પછી તા.૯ના રોજ દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસ મથકેથી પ્રકાશભાઈ ઉપર ફોન આવ્યો અને તેમાં રમેશભાઈ ચાકલીયા ગામના ખેતરમાં ઈજા પામેલી હાલતમાં મળી આવ્યા અને ત્યાર પછી રમેશભાઈએ તેમની સાથે વાત કરી સમગ્ર હકીકત જણાવી, સુનિતા, વિપુલ અને પ્રવીણે માર માર્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે પ્રકાશભાઈની ફરિયાદને પગલે પોલીસે પ્રવીણ, વિપુલ તથા સુનિતા વિરુદ્ધ ગુનો નોંધી ત્રણેયની અટકાયત કરી હતી.

# શીતલપાર્ક પાસે સ્વીફ્ટના ચાલકે અકસ્માત સર્જી ફોર્ચ્યુનરના ચાલકને ગાળો ભાંડી આપી ધમકી

### ટ્રાફિકમાં ઉભેલા યુવક સાથે અકસ્માત સર્જી ધાક ધમકી આપનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી રોડ ઉપર ન્યુ બોમ્બે હાઉસીંગ સોસાયટીમાં રહેતો યુવાન પોતાની ફેચર્ચ્યુનર કાર લઈ શિતલપાર્ક પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટ્રાફિકના કારણે ગાડી ઉભી રાખતા પાછળથી ધસી આવેલા સ્વીફ્ટ કારના ચાલકે અકસ્માત સર્જી ફોર્ચ્યુનર કારના ચાલકને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ યુનિવર્સિટી રોડ પર રહેતો ભૂમિતભાઈ કિરીટભાઈ હુંમબલ નામનો ૨૬ વર્ષનો યુવાન પોતાની ફોચર્ચ્યુનર કાર લઈને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શિતલપાર્ક પાસે ટ્રાફિકના કારણે કાર ઉભી રાખી દીધી હતી. એ દરમિયાન અંકિત શાહ ઉર્ફે બનિયા નામનો શખ્સ પોતાની શિફ્ટ કાર પુરપાટ ઝડપે લઈને ધસી આવ્યો હતો અને પાછળથી ફોચર્ચ્યુનર કારને ઠોકર મારી હતી અને અકસ્માત સર્જી સ્વીફ્ટ કારના ચાલક અંકિત શાહ ઉર્ફે બનીયોએ ભૂમિત હુંબલ સાથે ઝઘડો કરી ગાળાગાળી કરી નુકશાન ખર્ચ માંગી મારી નાખવાની ધમકી આપી હોવાની ભૂમિત હુંબલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર વઘાસીયા ટોલનાકા નજીક ટ્રકે ઍક્સેસ મોપેડને હડફેટે લેતા નાની-પૌત્રનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર વઘાસીયા ટોલનાકા નજીક માર્ગ અકસ્માતની ઘટનામાં એક જ પરિવારના બે વ્યક્તિના મૃત્યુ નિપજતા, સમગ્ર પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો છે, જેમાં બે અલગ અલગ મોટર સાયકલમાં માટેલથી દર્શન કરી રાજકોટ પરત જતા હોય ત્યારે પુરપાટ અને ગફલતભરી રીતે આવતા ટ્રકે ઍક્સેસ મોપેડને ઠોકરે ચડાવતા, મોપેડ ચાલક પૌત્ર અને તેમના નાની એમ બંનેને ગંભીર ઈજાઓ પહોચતા સ્થળ ઉપર જ બંનેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક નાસી ગયો હતો. ત્યારે હાલ માતા અને ભાણેજના અકસ્માતમાં મૃત્યુના બનાવ અંગે રાજકોટના યુવકે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સાપર-વેરાવળ હાઉસિંગ બોર્ડ કોલોની રાજકોટ રહેતા પૂર્વેશભાઈ રમેશભાઈ પરમાર ઉવ.૩૮ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ટ્રક રજી.નં. આરજે-૧૪-જીએલ-૮૯૮૧ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા અનુસાર, ગઈકાલ તા.૧૦/૦૫ના રોજ પૂર્વેશભાઈ અને તેમના પત્ની, દીકરો અને તેમના માતા ગુલાબબેન અને ભાણેજ રિક્કીભાઈ એમ બધા બે અલગ અલગ મોટર સાયકલ ઉપર વાંકાનેરના માટેલ ગામે દર્શન કરવા રાજકોટથી નીકળ્યા હતા, માટેલ દર્શન કરી પરત રાજકોટ જતા હોય ત્યારે રિક્કીભાઈ અને તેમના નાનીમા ગુલાબબેન ઍક્સેસ મોપેડ રજી.નં. જીજે-૨૫-એએફ-૪૫૧૩ હતા, જે મોપેડ રિક્કીભાઈ ચલાવતા હોય ત્યારે વાંકાનેર વઘાસીયા ટોલનાકા નજીક વૃદાવન હોટલથી નેશનલ હાઈવે ઉપર ચડતા, મોરબી બાજુથી ઉપરોક્ત ટ્રકના ચાલકે પોતાનો ટ્રક પુરપાટ ઝડપે ચલાવી આવી મોપેડને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો, અકસ્માતની ઘટનામાં બંને નાની-પૌત્ર રોડ ઉપર પટકાયા હતા, અકસ્માત સર્જી ટ્રક ચાલક નાસી ગયો હતો. જે બાદ ગુલાબબેન રમેશભાઈ પરમાર ઉવ.૭૦ને માથામાં અને રિક્કીભાઈ દીપકભાઈ કવા ઉવ.૧૭ને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા, બંનેને બેભાન હાલતમાં ૧૦૮ મારફત વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખસેડતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે બંને નાની-પૌત્રને મૃત જાહેર કર્યા હતા, ત્યારે હાલ પૂર્વેશભાઈની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રેમી સાથે સગીરાએ લગ્નની જીદ પકડી ૧૮૧ અભયમની લેવાઈ મદદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કિશોરી ના મોટી બા નો કોલ આવેલ અને જણાવેલ દીકરી ના કાઉન્સિલિંગ માટે મહિલા હેલ્પલાઇનની મદદ જોઈએ છે,૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કિશોરી ના મોટી બા નો કોલ આવતા ની સાથે ૧૮૧ ટીમ મદદ માટે રવાના થયેલ જેમાં ૧૮૧ ટીમ એ સ્થળ પર પહોંચી કિશોરી ના મોટી બા સાથે પરામર્શ કરતા જાણવા મળેલ કે તેમની દીકરી ની ઉંમર ૧૭ વર્ષ ની છે અને તે એક છોકરા ને પ્રેમ કરે છે જેમાં ઘરના સદસ્યો ને પ્રેમ પ્રકરણ ની ખબર પડતા દીકરી એ આત્મ હત્યા કરવા નો પ્રયાસ કરેલ હતો.દીકરી તે વ્યક્તિ સાથે લગ્ન કરવા પણ માંગે છે જેથી દીકરી ને તેમની ઉંમર પુખ્તવયની થાય પછી દીકરી જ્યાં કેસે ત્યાં લગ્ન કરાવી આપવા નું જણાવેલ.

ત્યારબાદ ૧૮૧ મહિલા હે્પલાઇન ટીમ એ કિશોરી નું કાઉન્સિલિંગ કરતા કિશોરી એ જણાવેલ કે તે અંદાજીત એક વર્ષથી સોશિયલ મીડિયા મારફતે તે વ્યક્તિના સંપર્કમાં આવેલ અને તેની સાથે પ્રેમ થયેલ જેમાં કિશોરી એ જણાવેલ તેમના પરિવાર ના સદસ્યો ને તેમના પ્રેમ ની જાણ ન હોય પરંતુ થોડા દિવસો પહેલા જાણ થતા કિશોરી ગભરાઈ ગયેલ હોય અને કિશોરી એ આત્મહત્યા કરી ને તેમનું જીવન ટુકાવવા નો પ્રયત્ન કરેલ જેમાં તેમના મમ્મી એ દીકરી ને આત્મહત્યાનું પગલું ભરતા અટકાવેલ હોય વિશેષમાં કિશોરીએ જણાવેલ કે તેમણે જે વ્યક્તિ સાથે લગ્ન કરવા છે તે વ્યક્તિ ની ઉંમર પણ હજુ ૧૯ વર્ષ છે જેથી કિશોરીને પુખ્ત વયે લગ્ન કરવા અને હાલ અભ્યાસમા ધ્યાન આપવા માટે સમજણ આપેલ તેમજ અત્યારે આ સમય તેમની કારકિર્દી બનાવવા મા ધ્યાન આપે આમ અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ બાદ કિશોરીએ હવે પછી ક્યારેય આત્મહત્યા કરવા નો પ્રયાસ નહીં કરે તથા અભ્યાસ મા ધ્યાન આપવા ખાતરી આપી ૧૮૧ ટીમનો કિશોરી અને પરિવાર ના સદસ્યો એ આભાર વ્યક્ત કર્યો હતો.